
For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 34 | Saturday 27 April 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... newsonlinelive.tv



Gadgets ગુરૂ
વીવો V30e સ્માર્ટફોન 2 મેના રોજ લોન્ચ થશે
4

PM મોદી 1 મેથી પ્રચારનું રણશિંગું ફૂંકશે, બે દિવસમાં 6 જેટલી જનસભા ગજવશે
7



રાજકુમાર સંતોષીની પુત્રી તનીષા ડેબ્યુ કરશે બોલીવુડમાં
10

## ભારતમાં ક્યારે રાજકીય પાર્ટીઓ અન્ય લોકોને તક આપશે?

# ભારતીય રાજકારણમાં પરિવારવાદનો દબદબો



1 ભાજપ-કોંગ્રેસ, સપા-બસપા, રાજદ-જદયુ કોઈ બાકાત નથી

2 પરિવારવાદના કારણે મહત્વના પદો પર સામાન્ય વ્યક્તિ નહીં

3 ભાજપ અન્ય પક્ષો પર પરિવારવાદનો મૂકે છે આરોપ

*પરિવારવાદના કારણે મજબૂત જનાધારવાળો વ્યક્તિનું અસ્તિત્વ તે પાર્ટીમાં ખતમ થાય છે.*

**સ્પેશિયલ સ્ટોરી:** લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના પ્રચાર અને મતદાનના ગણતરીના દિવસો બાકી છે ત્યારે તમામ રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. તમામ પક્ષો દ્વારા વિવિધ મુદ્દે પ્રચાર કરાઈ રહ્યો છે તો બીજી તરફ એકબીજા વિરુદ્ધ વિવિધ મુદ્દા પણ ઉઠાવાઈ રહ્યા છે. આ બધા વચ્ચે પરિવારવાદનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. થોડા સમય પહેલાં તેની ચર્ચા થઈ હતી અને ફરી પાછો આ મુદ્દો ચર્ચામાંથી બહાર નીકળી ગયો. તેના ઘણા કારણો છે પણ મહત્ત્વનું એ છે કે, હવે દેશમાં કોઈપણ પક્ષ એવો નથી જે વંશવાદ અને પરિવારવાદ વગર રાજકારણમાં સક્રિય હોય કે થઈ શક્યો હોય. ભારતીય લોકશાહીના ઈતિહાસ ઉપર નજર કરીએ તો દેશ આઝાદ થયો ત્યારથી દેશના રાજકારણમાં પરિવારવાદ આવી ગયો હતો...

**ક્યાં સુધી દેશમાં આ દૂષણનો અંત આવશે, ક્યારે મજબૂત હાથમાં નેતૃત્વ જશે તે સારી વાત છે.**

### દિગ્ગજો દ્વારા ચૂંટણી પ્રચાર સાથે જ વંશવાદની ચર્ચા

વાત એવી છે કે, બિહારમાં તમામ પક્ષોના દિગ્ગજો દ્વારા ચૂંટણી પ્રચાર કરતાની સાથે જ પરિવારવાદ અને વંશવાદની ચર્ચા ચાલવા લાગી છે. હકીકતમાં જોઈએ તો હજી કોઈપણ નેતા કે પ્રચારક દ્વારા સીધી રીતે કોઈની સામે આંગળી ચિંધવામાં આવી નથી કારણ કે દરેક પક્ષમાં પરિવારવાદ અને વંશવાદ વ્યાપેલો જ છે. તેમાંય આ વર્ષ અને આ ચૂંટણી ઘણા નવા ચહેરાઓ અને નેતાઓના સંતાનોના પોલિટિકલ ડેબ્યૂ કે પછી ચૂંટણી મેદાનમાં પ્રવેશ વગેરે રીતે સામે આવવાના છે. કોંગ્રેસનો પરિવાર, માયાવતીનો પરિવાર, લાલુનો પરિવાર, મુલાયમનો પરિવાર કે પછી કાશ્મીરમાં અબ્દુલ્લા પરિવાર અને મુફ્તિ પરિવાર જેવા ઘણા કિસ્સા અને ચર્ચાઓ રાજકીય ગલીયારોમાં ચાલે છે પણ આ વખતે ચિત્ર ઘણું જુદું છે.

### ઉત્તર પ્રદેશમાં ઘણા પરિવારો રાજ-કાજના મહારથીઓ

દેશમાં રાજકારણના મોટા ગઢ અને સૌથી મોટા પ્રદેશની વાત કરીએ તો તે ઉત્તર પ્રદેશ છે. અહીંયા તો એટલા બધા રાજકીય પરિવારો છે જેની ગણતરી જ કરવી અઘરી છે. તેમાંય મોટા રાજકીય પરિવારો છે જે ત્રણ-ત્રણ પેઢીથી રાજકારણમાં જ વ્યસ્ત છે. સૌથી પહેલાં મુલાયમસિંહ યાદવનો પરિવાર આવે છે. આજે તેમની ત્રીજી પેઢી રાજકારણમાં આવી ગઈ છે. તેવી જ રીતે ચૌધરી ચરણસિંહની પણ ત્રીજી પેઢી રાજકારણમાં છે. હાલમાં જયંત ચૌધરી પરિવારના રાજકીય વારસાને આગળ વધારી રહ્યા છે. તેવી જ રીતે સંજય નિષાદનો પરિવાર પણ રાજકીય રીતે મજબૂત છે. તેમના પુત્ર પ્રવીણ નિષાદ રાજકારણમાં મોટું નામ ધરાવે છે. ઓમ પ્રકાશ રાજભરનો પરિવાર પણ સક્રિય છે. આ સિવાય સોનેલાલ પટેલનો પરિવાર પણ રાજકીય ચર્ચામાં આવે છે તથા માયાવતીનો ભત્રીજો પણ બસપાની કમાન સંભાળી રહ્યો છે. તેવી જ રીતે હરિયાણામાં ચૌટાલા, હુડ્ડા અને બિશ્નોઈ પરિવારના સભ્યો રાજકીય રીતે સક્રિય અને મજબૂત છે. દેવીલાલ, ભજનલાલ અને બંસીલાલ જેવા દિગ્ગજ નેતાઓને કારણે તેમને લાલોં કે લાલ પણ કહેવાય છે.

### બિહારમાં પણ પરિવારવાદનું દંગલ

બિહાર પણ એક એવું રાજ્ય છે જ્યાં પરિવારવાદનું દંગલ ચાલતું જ આવ્યું છે. અહીંયા જો પરિવારવાજની વાત કરીએ તો ત્રણ મોટા પરિવારોના નામ આવે છે. સૌથી પહેલો તો લાલુપ્રસાદ યાદવનો પરિવાર છે. લાલુપ્રસાદના બે પુત્ર અને બે પુત્રીઓ તેમના રાજકીય વારસાને આગળ ધપાવી રહ્યા છે. તેમની પત્ની રાબડી દેવી પણ રાજકીય રીતે સક્રિય હતા અને બિહારના સીએમ પણ બન્યા હતા. બિહારમાં બીજો પરિવાર આવે છે રામ વિલાસ પાસવાનનો. રામ વિલાસ પાસવાન પણ બિહાર અને દેશના રાજકારણના અગ્રણી નેતા હતા. હવે તેમનો પુત્ર ચિરાગ પાસવાન પિતાના રાજકીય વારસાને આગળ ધપાવી રહ્યો છે. ત્રીજો છે જીતનરામ માંઝીનો પરિવાર. જીતન રામ રાજકીય રીતે અત્યંત સક્રિય છે ત્યાં તેમનો પુત્ર સંતોષ માંઝી પણ પિતાના રાજકીય વારસાને આગળ ધપાવી રહ્યો છે.

### ભારતીય રાજકારણમાં પરિવારવાદની તાકાત મોટી છે

ભારતીય રાજકારણમાં પરિવારવાદ વર્ષોથી ચાલ્યો આવ્યો છે અને તેની તાકાત પણ મોટી છે. ભારતીય રાજકારણમાં પરિવારવાદનુ મહત્ત્વ જોઈએ તો 2019ની લોકસભા ચૂંટણીમાં જે પરિણામ આવ્યા તેમાં તેની અસર દેખાય છે. પંજાબમાં 13 બેઠકોમાંથી 62 ટકા બેઠકો ઉપર પરિવારવાદી રાજનેતાઓનો જ કબજો છે. આ બેઠકો રાજકીય પરિવારોના હાથમાં જ આવી છે. અરુણાચલ પ્રદેશની 50 ટકા, મેઘાલયની 50 ટકા બેઠકો ઉપર પણ રાજકીય પરિવારોનો જ કબજો છે. બિહારની પણ 40 બેઠકોમાંથી અડધા ઉપરની બેઠકો રાજકીય રીતે સક્રિય મોટા પરિવારો પાસે જ છે. મહારાષ્ટ્રની પણ 48 બેઠકોમાંથી 42 ટકા બેઠકો પરિવારવાદી નેતાઓના ફાળે જ ગઈ છે.

### ઝારખંડ શિબુ સોરેનનો ગઢ

ઝારખંડમાં સોરેન પરિવારનો દબદબો વર્ષોથી રહ્યો છે. શિબુ સોરેન ઝારખંડ રાજકારણના દિગ્ગજ નેતા ગણાય છે. તેઓ ઘણો સમય ઝારખંડના સીએમ તરીકે સક્રિય રહ્યા હતા. તેમના પુત્ર હેમંત સોરેન પણ પિતાના વારસાને સંભાળી રહ્યા છે. તેઓ પણ ઝારખંડની બાગડોર સંભાળતા હતા.

### વંશવાદમાં મહારાષ્ટ્ર પણ આગળ

પરિવારોના દબદબામાં મહારાષ્ટ્ર પણ એટલું જ આગળ છે. અહીંયા સૌથી મોટો ઠાકરે પરિવાર છે. બાલા સાહેબ ઠાકરે મહારાષ્ટ્રના રાજકારણમાં અને દેશના હિંદુત્વવાદી નેતા તરીકે અત્યંત જાણીતું અને સન્માનિત નામ છે. તેમના પુત્ર ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના સીએમ રહી ચૂક્યા છે. તેમનો પણ પુત્ર આદિત્ય ઠાકરે રાજકારણમાં સક્રિય છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં પવાર પરિવારનો પાવર પણ મોટો ગણાય છે. શરદ પવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહ્યા છે અને દાયકાઓથી રાષ્ટ્રીય રાજકારણનો મહત્ત્વનો ચહેરો ગણાય છે. તેમની પુત્રી સુપ્રિયા સુલે પણ સાંસદ છે. તેમનો ભત્રીજો અજિત પવાર પણ મહારાષ્ટ્ર સરકારમાં ઉપમુખ્યમંત્રી છે. પવાર પરિવારનો ઠાકરે પરિવાર બાદ મહારાષ્ટ્ર ઉપર દબદબો છે.

### હિમાચલ, પંજાબમાં રાજકીય પરિવારોનો દબદબો

દેશના રાજકારણમાં પરિવારનો દબદબો હિમાચલ અને પંજાબમાં પણ છે. હિમાચલની જ વાત કરીએ તો અહીંયા બે પરિવારો દાયકાઓથી દબદબો બનાવીને બેઠા છે. એક રાજા વીરભદ્ર સિંહનો પરિવાર. તેમની પત્ની પ્રતિભા સિંહ અને દીકરો વિક્રમાદિત્ય. વીરભદ્ર કોંગ્રેસના સહારે રાજકારણમાં સક્રિય છે. બીજી તરફ ધૂમલ પરિવાર આવે છે. પ્રેમ કુમાર ધૂમલ હિમાચલના સીએમ રહી ચૂક્યા છે. તેમનો દીકરો અનુરાગ ઠાકુર કેન્દ્રીય મંત્રી છે. ધૂમલ આ વખતે વિધાનસભા ચૂંટણી લડયા નહોતા પણ તેમનો પારિવારિક દબદબો હજી છે. તેવી જ સ્થિતિ પંજાબની પણ છે. અહીંયા પહેલો પરિવાર પ્રકાશસિંહ બાદલનો છે. તેઓ ઘણી વખત પંજાબના સીએમ બન્યા છે. તેમના પુસ્ત સુખબીર બાદલ પણ પંજાબના નાયબ મુખ્ય મંત્રી બન્યા છે અને રાજકીય વારસો આગળ વધારે રહ્યા છે. સુખબીર બાદલના પત્ની હરસિમરત કૌર એનડીએ સરકારમાં મંત્રી પણ રહ્યા હતા. અહીંયા બીજો પરિવાર આવે છે કેપ્ટન અમરિંદર સિંહનો. તેઓ તથા તેમની પત્ની અને દીકરી પણ રાજકારણમાં સક્રિય છે.

### પટનાયક પરિવાર ઓડિશાના નાયક રહ્યો છે

ઓડિશાનું રાજકારણ પણ આમાથી બાકાત નથી. અહીંયા દાયકાઓથી પટનાઈક પરિવારનો રાજકીય દબદબો રહ્યો છે. બીજુ પટનાયક ઘણા વખત ઓડિશાના મુખ્યમંત્રી રહ્યા હતા. ત્યારબાદ તેમના પુત્ર નવીન પટનાયક પિતાના રાજકીય વારસાને આગળ ધપાવી રહ્યા છે. ઘણા વખતથી ઓડિશાનું સુકાન તેમના જ હાથમાં છે.

### કર્ણાટકમાં દેવેગૌડા પરિવારનું વર્ચસ્વ

ઓડિશાની જેમ કર્ણાટકમાં દેવેગૌડા પરિવારનું વર્ચસ્વ રહ્યું છે. દેવેગૌડા તો વડા પ્રધાન પણ રહી ચૂક્યા હતા. તેમના પુત્ર એચ ડી કુમાર સ્વામી મુખ્યમંત્રી તરીકે કાર્યરત હતા. તેમના પરિવારના અન્ય સભ્યો પણ રાજ્યના અને રાષ્ટ્રના રાજકારણમાં સક્રિય છે.

### તમિલનાડુમાં કરુણાનિધિના પરિવારનું વર્ચસ્વ

તમિલનાડુમાં કરુણાનિધિનો પરિવાર મોટું નામ ધરાવે છે. એમ કરુણાનિધિ તમિલનાડુના મુખ્યમંત્રી રહ્યા હતા. હવે તેમનો પુત્ર એમ કે સ્ટાલિન સત્તામાં છે. સ્ટાલિનનો પુત્ર ઉદયનિધિ સ્ટાલિન પણ રાજ્ય સરકારમાં મંત્રી છે. બંગાળમાં પણ મમતા બેનરજીએ પરિવારવાદને ચાલુ રાખ્યો છે. તેઓ બંગાળના મુખ્યમંત્રી છે અને તેમનો ભત્રીજો અભિષેક બેનરજી સાંસદ છે.

# અમેરિકન નાગરિકતા મેળવવાની ઘેલછા, ભારતીયો દુનિયામાં બીજા ક્રમે પહોંચ્યા

**2022માં** **65,960** ઈન્ડિયન નાગરિકો સત્તાવાર રીતે USના નાગરિક બન્યા

**ગ્રીન કાર્ડ** નાગરિકતા આપવામાં વિલંબ,દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અમેરિકા જાય છે

વોશિંગ્ટન: ભારતીયોની અમેરિકન નાગરિક બનવાની સંખ્યા સતત વધી રહી છે. યુએસ કોંગ્રેસના રિપોર્ટ અનુસાર, 2022માં 65,960 ભારતીયો સત્તાવાર રીતે યુએસ નાગરિક બન્યા. અમેરિકન નાગરિકતા મેળવવામાં ભારતીયો બીજા ક્રમે છે. 2022માં અમેરિકન નાગરિકતા મેળવવામાં પ્રથમ નંબર પર મેક્સિકનના લોકો છે. અમેરિકન કોમ્યુનિટી સર્વેના ડેટા અનુસાર, 2022માં અમેરિકાની વસ્તી 33 કરોડ હતી, જેમાંથી 4 કરોડ લોકો બહારના હતા. જે કુલ વસ્તીના 14% છે. જે લોકોને 2022માં અમેરિકાની નાગરિકતા મળી તેમાં મેક્સિકો, ભારત, ફિલિપાઈન્સ, ક્યુબા, ડોમિનિકન રિપબ્લિક, વિયેતનામ અને ચીનના લોકો છે...



## અમેરિકામાં રહેતા 49 લાખ લોકોના મૂળ ભારતમાં

કોંગ્રેસ રિસર્ચ સર્વિસ (સીઆરસી)ના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે 2023માં વિદેશમાં જન્મેલા યુએસ નાગરિકોમાંથી 16 મિલિયન મેક્સિકોના હતા. આ પછી ભારતમાંથી આવેલા 28 લાખ લોકો હતા. ત્રીજા નંબરે 22 લાખ ચીની નાગરિકો હતા જે ચીનમાં જન્મ્યા હતા પરંતુ અમેરિકન નાગરિક બન્યા હતા. અમેરિકામાં 49 લાખ લોકો એવા છે કે જેઓ ભારતીય છે અથવા તેમનું મૂળ ભારતમાં છે. જો કે, CRCએ અહેવાલ આપ્યો છે કે યુએસમાં રહેતા લગભગ 42% ભારતીય મૂળના નાગરિકો હજુ સુધી યુએસ નાગરિક બની શકતા નથી કારણ કે તેઓ તેના માટે અયોગ્ય છે. 2023 સુધીમાં લગભગ 2 લાખ ભારતીય મૂળના વિદેશી નાગરિકો, જેઓ ગ્રીન કાર્ડ અથવા લીગલ પરમેનન્ટ રેસિડન્સી (LPR) પર હતા, તેઓ હવે નાગરિકતા માટે અરજી કરી શકશે.

### અમેરિકન નાગરિકતા મેળવનાર દેશના લોકો

| દેશ | લોકોની સંખ્યા |
|---|---|
| મેક્સિકો | 1,28,878 |
| ભારત | 65,960 |
| ફિલિપાઈન્સ | 53,413 |
| ક્યુબા | 46,913 |
| ડોમિનિકન રિપબ્લિક | 34,525 |
| વિયેતનામ | 33,246 |
| ચીન | 27,038 |

## અરજી કરનારા લોકોની સંખ્યામાં સતત થઈ રહ્યો છે વધારો

સીઆરસીએ વર્ષોમાં યુએસ નાગરિકતા માટે અરજી કરનારા લોકોની વધતી સંખ્યા પર ચિંતા વ્યક્ત કરી છે. USCIS (યુનાઈટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ & ઈમિગ્રેશન સર્વિસિસ) દ્વારા અમેરિકામાં નાગરિકતા આપવાની પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. 2023માં, USCIS પાસે નાગરિકતા આપવા માટે 4 લાખ અરજીઓ પેન્ડિંગ છે. જે 2022માં 5 લાખ, 2021માં 8 લાખ અને 2020માં 9 લાખ હતી.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### બંને દેશોએ એવરેસ્ટ અને MDHના 4 મસાલા પર પ્રતિબંધ મૂક્યો

# ભારતે પ્રતિબંધ અંગે સિંગાપોર અને હોંગકોંગ પાસેથી વિગતો માગી

## બંને મસાલામાં કેન્સર થાય તેવા તત્વોનું પ્રમાણ, રિપોર્ટમાં કરવામાં આવ્યો છે દાવો

■ નવી દિલ્લી

MDH અને એવરેસ્ટ મસાલા પર પ્રતિબંધના મામલે ભારતે સિંગાપોર અને હોંગકોંગના ખાદ્ય નિયમનકારો પાસેથી વિગતો માગી છે. વાણિજ્ય મંત્રાલયે સિંગાપોર અને હોંગકોંગ બંનેમાં ભારતીય દૂતાવાસોને પણ આ બાબતે વિગતવાર અહેવાલ મોકલવા નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે એમડીએચ અને એવરેસ્ટ પાસેથી વિગતો પણ માગી છે. વાણિજ્ય મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું કે, 'બંને કંપનીઓના ઉત્પાદનોને અસ્વીકાર કરવાના કારણો શોધી કાઢવામાં આવશે અને તેમનાથી સંબંધિત નિકાસકારોની ચિંતાઓ સાથે તેમને સુધારવા માટે શું કરવું જોઈએ તે અંગે પણ વિચારણા કરવામાં આવશે. અધિકારીએ જણાવ્યું હતું કે, 'ટેકનિકલ વિગતો, વિશ્લેષણાત્મક અહેવાલો અને નિકાસકારોની વિગતો કે જેમના કન્સાઈનમેન્ટને નકારી કાઢવામાં આવ્યા છે.

### સિંગાપોર-હોંગકોંગમાં એવરેસ્ટ અને MDHના 4 મસાલા પર પ્રતિબંધ

સિંગાપોર અને હોંગકોંગે MDH અને એવરેસ્ટ બંને કંપનીઓના કેટલાક ઉત્પાદનો પર જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડની માત્રા મર્યાદા કરતાં વધી જવાને કારણે પ્રતિબંધિત કર્યો હતો. આ ઉત્પાદનોમાં આ જંતુનાશકની વધુ માત્રાને કારણે કેન્સરનું જોખમ રહેલું છે. હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે MDH ગ્રુપના ત્રણ મસાલા મિક્સ - મદ્રાસ કરી પાવડર, સંભાર મસાલા પાવડર અને કરી પાવડરમાં કાર્સિનોજેનિક જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડનું પ્રમાણ વધુ હોવાનું જણાયું હતું. રૂટીન સર્વેલન્સ પ્રોગ્રામ હેઠળ એવરેસ્ટની ફિશ કરી મસાલામાં પણ આ જંતુનાશક મળી આવ્યું છે. ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર એ ઈથિલિન ઓક્સાઈડને ગ્રુપ 1 કાર્સિનોજેન તરીકે વર્ગીકૃત કર્યું છે. ખાદ્ય નિયમો અનુસાર, જંતુનાશકો ધરાવતો ખોરાક માનવ વપરાશ માટે ત્યારે જ વેચી શકાય છે જો ખોરાક જોખમી અથવા સ્વાસ્થ્ય માટે હાનિકારક ન હોય.




#### વેચાણ બંધ કરવા અને ઉત્પાદનોને દૂર કરવા વિક્રેતાઓને સૂચનાઓ

વિભાગે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે CFS એ વિક્રેતાઓને અનિયમિતતાઓ વિશે જાણ કરી છે અને તેમને વેચાણ બંધ કરવા અને આ ઉત્પાદનોને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. CFSની સૂચના મુજબ, વિતરકો અને આયાતકારોએ અસરગ્રસ્ત ઉત્પાદનોને પાછા બોલાવવાનું શરૂ કરી દીધું છે.

#### MDH ગ્રુપના ત્રણ મસાલા અને એવરેસ્ટના એકમાં વધુ જંતુનાશકો

હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે MDH ગ્રુપના ત્રણ મસાલા મિક્સ - મદ્રાસ કરી પાવડર, સંભાર મસાલા પાવડર અને કરી પાવડરમાં કાર્સિનોજેનિક જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડનું પ્રમાણ વધુ હોવાનું જણાયું હતું. રૂટીન સર્વેલન્સ પ્રોગ્રામ હેઠળ એવરેસ્ટની ફિશ કરી મસાલામાં પણ આ જંતુનાશક મળી આવ્યું છે.

## NEWS FILE

### ઝોમેટોમાંથી ફૂડ ઓર્ડર પર ચાર્જ 25% વધીને 5 રૂપિયા થયો




નવી દિલ્હીઃ ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપની ઝોમેટો પાસેથી ફૂડ ઓર્ડર કરવું હવે થોડું મોંઘું થઈ ગયું છે. કંપનીએ પ્લેટફોર્મ ચાર્જમાં 25%નો વધારો કર્યો છે. હવે ગ્રાહકોએ દરેક ઓર્ડર પર 4 રૂપિયાના બદલે 5 રૂપિયા પ્લેટફોર્મ ચાર્જ ચૂકવવો પડશે.Zomato વાર્ષિક આશરે 85-90 કરોડ ઓર્ડર પહોંચાડે છે. એટલે કે Zomato ને દરરોજ લગભગ 24 લાખ ઓર્ડર મળે છે. પ્લેટફોર્મ ફીમાં ઓર્ડર દીઠ રૂ. 1નો વધારો કરવાથી કંપનીના EBITDAમાં વાર્ષિક 85- 90 કરોડનો વધારો થશે. Zomatoએ ગયા વર્ષે ઓગસ્ટમાં 2 રૂપિયાનો પ્લેટફોર્મ ચાર્જ વસૂલવાનું શરૂ કર્યું હતું.

### ક્રેડિટ કાર્ડસનો ધરખમ ઉપયોગ ખર્ચમાં 27 ટકાનો વધારો થયો

મુંબઈ : નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં વાર્ષિક ધોરણે ૨૭ ટકા વધારો થઈને તે રૂપિયા ૧૮.૨૬ ટ્રિલિયન રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૨-૨૩માં આ આંક રૂપિયા ૧૪ ટ્રિલિયન રહ્યો હતો એમ રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે. માર્ચ, ૨૦૨૪માં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ ૧૦ ટકાથી વધુ વધી રૂપિયા ૧.૬૪ ટ્રિલિયન રહ્યો હતો જે ફેબ્રુઆરીમાં રૂપિયા ૧.૪૯ ટ્રિલિયન જોવા મળ્યો હતો. તહેવારોની મોસમને પરિણામે તથા નાણાં વર્ષના અંતિમ મહિનાને કારણે માર્ચના ખર્ચમાં વધારો જોવા મળ્યો હતો.

### DGCAએ સીટ સિલેક્શનને લઈને નિયમોમાં ફેરફાર કર્યો




નવી દિલ્હીઃ એરલાઈન્સે હવે 12 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને માતા-પિતા અથવા વાલી સાથે ફ્લાઈટમાં સીટો ફાળવવી પડશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ આ સંબંધમાં નવી મુસાફરી માર્ગદર્શિકા જારી કરી છે.ડીજીસીએએ કહ્યું છે કે જો બાળકો અને માતા-પિતા એક જ પીએનઆર પર મુસાફરી કરી રહ્યાં છે, તો તેમણે સીટ પસંદગી માટે કોઈ વધારાનો ચાર્જ ચૂકવવો પડશે નહીં. આ સાથે DGCAએ એરલાઈન્સને પણ પોતાનો રેકોર્ડ જાળવવા કહ્યું છે.આ પગલું 12 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના તેમના માતા-પિતા અથવા વાલીઓ સાથે ન બેસવાના ઘણા કિસ્સાઓ બાદ ઉઠાવ્યું છે.

## કોટક મહિન્દ્રા બેંક નવા ક્રેડિટ કાર્ડ જારી કરી શકશે નહીં

■ મુંબઈ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બુધવારે કોટક મહિન્દ્રા બેંકને તાત્કાલિક અસરથી નવા ક્રેડિટ કાર્ડ જારી કરવાનું બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે, ઓનલાઈન અને મોબાઈલ બેંકિંગ ચેનલો દ્વારા નવા ગ્રાહકો ઉમેરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. બેંક પર આ પ્રતિબંધ લાદવાનું કારણ સમજાવતા આરબીઆઈએ કહ્યું કે 2022 અને 2023 વચ્ચે પર્યાપ્ત IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવા અંગે બેંકને તેની ચિંતા વ્યક્ત કરી હતી, પરંતુ બેંક આ ખામીઓને દૂર કરવામાં સતત નિષ્ફળ રહી. RBIએ કોટક મહિન્દ્રા બેંક વિરુદ્ધ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ 1949ની કલમ 35A હેઠળ તેની સત્તાનો ઉપયોગ કરીને આ કાર્યવાહી કરી છે. આરબીઆઈને બેંકના આઈટી ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, યુઝર એક્સેસ મેનેજમેન્ટ, વેન્ડર રિસ્ક મેનેજમેન્ટ, ડેટા સિક્યુરિટી અને ડેટા લીક નિવારણ વ્યૂહરચના જેવા ક્ષેત્રોમાં ગંભીર ખામીઓ જોવા મળી હતી.

## PayU'ને નવા ગ્રાહકો ઉમેરવાની મંજૂરી

### રિઝર્વ બેંકે જાન્યુઆરી 2023માં મોરેટોરિયમ લાદ્યું હતું

■ નવી દિલ્હી

લગભગ 15 મહિનાની રાહ જોયા પછી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ પ્રક્રિયા સમર્થિત ફિનટેક ફર્મ PayU ને પેમેન્ટ એગ્રીગેટર (PA) અને ઓન-બોર્ડ નવા વેપારીઓ તરીકે કામ કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ મુખ્ય મંજૂરી અંતિમ લાઈસન્સ નથી પરંતુ કંપનીઓ તેના દ્વારા 6 થી 12 મહિના સુધી કામ કરી શકે છે.જાન્યુઆરી 2023માં, બેન્કિંગ રેગ્યુલેટરે તેના જટિલ કોર્પોરેટ માળખાને કારણે પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવા માટે ફિનટેક ફર્મની અરજી પરત કરી હતી. તેને આ માટે ફરીથી અરજી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ પગલા પછી PayU એ તેના ઓનલાઈન એકત્રીકરણ વ્યવસાય માટે નવા વેપારીઓને ઉમેરવાનું બંધ કરવું પડ્યું.Paytm, Razorpay અને Cashfree પર સમાન પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, જેમાંથી Razorpay અને Cashfreeને ગયા વર્ષે ડિસેમ્બરમાં મંજૂરી મળી હતી.

## ભારતીય IT કંપનીઓની અમેરિકાથી આવક ઘટી



■ મુંબઈ

એક તરફ જ્યાં ભારતીય આઈટી કંપનીઓની અમેરિકન માર્કેટમાંથી થનારી કમાણીમાં ઝડપથી ઘટાડો થયો છે ત્યારે બીજી તરફ યુરોપ અને એશિયા પેસિફિકના માર્કેટમાં થનારી કમાણી આઈટી કંપનીઓ માટે રાહતનું કામ કરી રહી છે. ટેક સર્વિસ પર થનારા કુલ 108.36 લાખ કરોડના કુલ વૈશ્વિક ખર્ચમાં ઉત્તર અમેરિકાનો હિસ્સો 50%થી વધુ છે. પરંતુ આર્થિક અનિશ્ચિતતા વધવાથી તેમજ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સનો રૂટ અપનાવવાને કારણે કંપનીઓ પોતાના ખર્ચમાં ઘટાડો કરી રહી છે. તેનાથી આઈટી સેવા ઉપલબ્ધ કરાવતી ભારતીય કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે. ટીસીએસ અને ઈન્ફોસિસની કમાણી સિંગલ ડિજિટમાં વધી છે.

# ભારતીયો માટે 'ભા' કોડ સાથે ફૂટવેર તૈયાર થશે

### અમેરિકન-યુરોપિયન નહીં પણ ભારતીય સાઈઝમાં બૂટ બનશે

### ■ યોગ્ય ફિટિંગ મળી રહેશે, ગ્રાહકોને મોટી રાહત મળશે

■ નવી દિલ્લી

ભારતમાં ઉપલબ્ધ જૂતા અને ચપ્પલ અમેરિકન અથવા યુરોપિયન સાઈઝનાં છે. આ જ કારણ છે કે તેઓ આપણા દેશના લોકોના પગમાં ફીટ બેસતા નથી. વાસ્તવમાં, ભારતીયોના પગ અમેરિકનો અને યુરોપિયનો કરતાં પહોળા હોય છે, પરંતુ કંપનીઓ અમેરિકનો અથવા યુરોપિયનોના પગની લંબાઈ અને પહોળાઈના આધારે જૂતા અને ચપ્પલ તૈયાર કરે છે. હવે આ સિસ્ટમ બદલાવાની છે. હવે ફૂટવેર માટે ભારતીય ધોરણો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આવતા વર્ષથી એટલે કે 2025થી કંપનીઓ ભારતીયો માટે અલગથી ફૂટવેરનું ઉત્પાદન કરશે. આ માટે કોડ 'ભા' (Bha) રાખવામાં આવ્યો છે, જેનો અર્થ થાય છે ભારત. આ માટે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ તરફથી માન્યતા મળવાની બાકી છે. આ પરિવર્તનનું સૌથી મોટું કારણ ભારતનું મોટું બજાર છે. અહીં દરેક ભારતીય પાસે સરેરાશ 1.5 શૂઝ છે. ઓનલાઈન ખરીદેલ 50% ફૂટવેર પરત કરવામાં આવે છે.

### ભારતીયોના પગના કદ અંગે સર્વે કરવામાં આવ્યો



કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ અને સેન્ટ્રલ લેધર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે સમગ્ર ભારતમાં એક સર્વે હાથ ધર્યો હતો. એવું પણ જાણવા મળ્યું હતું કે મહિલાઓના પગનું કદ 11 વર્ષની ઉંમર સુધી વધે છે, જ્યારે પુરુષોમાં તે 15-16 વર્ષ સુધી વધતું રહે છે.

#### કદ અંગે 1 લાખથી વધુ લોકો પર સર્વે કરવામાં આવ્યો

પગના આકાર અને કદને સમજવા માટે ડિસેમ્બર 2021 અને માર્ચ 2022 વચ્ચે એક સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં પાંચ ભૌગોલિક વિસ્તારોમાં 79 સ્થળોએ રહેતા લગભગ 1,01,880 લોકોને આવરી લેવામાં આવ્યા હતા.એટલું જ નહીં પરંતુ ભારતીય પગના આકાર, પરિમાણો અને બંધારણને સમજવા માટે 3D ફૂટ સ્કેનિંગ મશીનો તૈનાત કરવામાં આવ્યા હતા.

## તંત્રીસ્થાનેથી...

# રાજકારણમાં દરેક પક્ષોમાં ભ્રષ્ટ નેતાઓની લાગી લાંબી કતાર




**આજકાલ** ભ્રષ્ટાચાર વિરુદ્ધમાં આપણા દેશમાં જે જે રાજકીય લોકો વાતો કરે છે કે જાહેરમાં બોલે છે, કમ સે કમ તેઓ તો ભ્રષ્ટાચારી નથી ને? - એની ખાતરી કરવા અલગ પંચ રચવાની જરૂર છે. કોઈ પણ રાજ્યમાં જે ધારાસભ્ય પહેલીવાર ચૂંટાઈને વિધાનસભામાં જાય ત્યારે એનું નાણાંકીય સ્તર અને પાંચ વરસ પછી એની પાસેની જમીન, મકાન, મિલકત... બધું છલકછાલક થઈ જાય છે એનું શું? જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના હોદ્દેદારો અને સભ્યો પણ મલાઈ તારવતા શીખી જાય છે. સરપંચ પણ એમને મળતી ગ્રાન્ટમાંથી દીકરા-વહુ માટે નવાં ઘરેણાં ઘડાવતા થયા છે. આ બધા ગ્રાન્ટખાઉં પ્રાણીઓ છે. સરકારમાં કોઈ પણ કામ કરાવવા માટેની બે નંબરની ચેનલો જગજાહેર છે. આપણા ગુજરાતના નવા જે હવે જૂના કહેવાશે એવા મુખ્યમંત્રીને ક્યારેક શૂરાતન ચડે ત્યારે ભ્રષ્ટાચાર વિરુદ્ધની વાતો કરે છે, પરંતુ તેમના ટૂંકા સત્તાકાળમાં ભ્રષ્ટાચાર સબબ કેટલા અધિકારીઓ કે કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા?

ભ્રષ્ટાચાર વિષય આપણે ત્યાં પર્યાવરણ જેવો બની ગયો છે. પ્રાથમિક શાળાની નિબંધમાળાથી શરૂ કરીને પાટનગર નવી દિલ્હીના પરિસંવાદો સુધી એની ચર્ચા અને મંથન છવાયેલા છે, પરંતુ પર્યાવરણની જેમ જ કોઈ સકારાત્મક પરિણામ આવતું નથી અને દિન-બ-દિન પરિસ્થિતિ વિકરાળ થતી જાય છે. ભ્રષ્ટ આચરણ જેઓ કરે છે તેમની પોતાની જિંદગી તો કર્મફળના સિદ્ધાન્તો પ્રમાણે તબાહ થાય છે, પરંતુ સમાજમાં ઘેરી નિરાશા પ્રસરે છે. કોરોનાકાળ પહેલા બિન સચિવાલય ક્લાર્કની એક પરીક્ષામાં ઝાલાવાડમાં જે કૌભાંડ ઝડપાયું અને એના પર ધુમ્મસની ચાદર ઢાંકી દેવા માટે રાજ્ય સરકારે પરીક્ષા રદ કરવાનો સીધો હુકમ કરવાને બદલે જે ચકરડી ચડાવી એનાથી ઉમેદવાર વિદ્યાર્થીઓમાં સમગ્ર પરીક્ષા પ્રક્રિયા પરત્વે અશ્રદ્ધાની ભાવના પ્રવાહિત થઈ. છેવટે તો ગુજરાત સરકારે એ પરીક્ષા રદ કરી પણ એ પહેલાં ભ્રષ્ટતાને છાવરવાના બહુ ધમપછાડા કર્યા હતા. ઝૂલતા પુલ પ્રકરણમાં પણ એમ જ છે.

કરોડોની કોચિંગ ઈન્ડસ્ટ્રીમાં આજે કાગડા ઉડે છે. એનું કારણ એ પણ છે કે યુવા વર્ગ સરકારી પરીક્ષાઓ માટે તૈયારી કરતો હતો તે વિમુખ થઈ ગયો. સગી આંખે આધાર પુરાવાઓ સહિતના ભ્રષ્ટાચાર સામે પગલાં લેવામાં જો આ સ્થિતિ હોય તો ગુપ્ત ગંગા જેમ ભીતર વહેતી મેલી નદીઓ પર અંકુશ મેળવવાની વાત તો બહુ દૂરની છે. જે જે ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર ચાલે છે તે તમામમાં અસલ અને હકદાર એવો લાયક વર્ગ હતાશામાં સરી પડે છે. ભ્રષ્ટાચાર પર લગામ ખેંચવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર ભલે ગમે તેટલી વાતો કરે, હકીકત એ છે કે ભ્રષ્ટાચાર ઘટવાને બદલે વધી રહ્યો છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના મંચ પરથી દુનિયાના સૌથી વધુ ભ્રષ્ટ દેશોની ઓળખ છતી કરવા માટે જે યાદી જાહેર કરવામાં આવી છે એમાં ભારત અગાઉ કરતાં વધુ બે પગથિયાં નીચે ઉતરતો અધિક ભ્રષ્ટ દેશ બતાવવામાં આવ્યો છે. આ અધોગતિ છેલ્લાં ઘણાં વરસોથી ચાલુ છે અને હવે એમાં ગતિ આવતાં એક વરસમાં બબ્બે પગથિયાંનું પતન દુનિયાને જોવા મળી રહ્યું છે. ભારતમાં ભ્રષ્ટાચાર વ્યાપક છે એ કોઈ નવી વાત નથી. સરકારના અનેક વરિષ્ઠ અધિકારીઓ હવે તો ઔદ્યોગિક ક્ષેત્રોમાં રોકાણ કરતા થઈ ગયા છે. કેટલાક પાસે બ્યુટી પાર્લરની ચેઈન છે તો કોઈએ ફેક્ટરીઓમાં ભાગીદારી કરી છે. કેટલાક અધિકારીઓ જમીનમાં પડયા છે તો કોઈએ બિલ્ડિંગ ડેવલપરોને કરોડો રૂપિયા બિઝનેસ માટે આપ્યા છે. હોટેલ અને ટુરિઝમમાં પણ ગવર્મેન્ટ ઓફિસર આંત્રપ્રિનિયોર કેટેગરી દેખાય છે. ભ્રષ્ટ ઉધઈ ચોતરફ ફરી વળી છે. ભ્રષ્ટ આચરણની બાબતમાં ભારતના સમકક્ષ દેશોમાં ચીન, ઘાના અને મોરોક્કો છે. ઘાના અને મોરોક્કો તો સાવ નાના આફ્રિકી દેશોમાં સામેલ છે.

# રશિયા સામે અમેરિકાનું કરન્સી વેપન, આખી દુનિયાને ડામાડોળ કરી નાંખશે

## વિચાર મંથન



**અમેરિકાએ** રશિયા સામે 'કરન્સી વેપન' વાપરવાનું નક્કી કરતાં અમેરિકા અને રશિયા વચ્ચે નવો મોરચો ખૂલી ગયો છે. સાથે સાથે અમેરિકા અને યુરોપના દેશોની દોસ્તીમાં તિરાડનાં પણ એંધાણ છે. રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું પછી અમેરિકા તથા તેના સાથી દેશોએ રશિયાની અમેરિકા અને યુરોપમાં આવેલી લગભગ ૩૦૦ અબજ ડોલરની એસેટ્સ ફ્રીઝ કરી દીધી હતી. મતલબ કે, સંપત્તિને ટાંચમાં લઈને રશિયા તેનો ઉપયોગ ના કરી શકે એ સ્થિતી સર્જી દીધી હતી. હવે અમેરિકાની સંસદે રશિયા સામે રેપો એક્ટનો ઉપયોગ કરવાના ખરડાને મંજૂરી આપી છે.

રેપો એક્ટ હેઠળ અમેરિકા રશિયાની સંપત્તિ જપ્ત કરીને તેમાંથી ઉભાં થનારાં નાણાંનો ઉપયોગ યુક્રેનના પુનર્નિર્માણ માટે કરી શકશે. રેપો એક્ટ હેઠળ અમેરિકાના પ્રમુખ જો બાઈડેનને યુએસ બેંકોમાં ફ્રીઝ કરાયેલી રશિયાની રકમ યુક્રેન માટેના ફંડમાં ટ્રાન્સફર કરવાની સત્તા મળી છે. રશિયાને તેની સામે બહુ વાંધો નથી પણ અમેરિકાએ તેના જી-૭ના તથા યુરોપના સાથી દેશોને પણ રશિયાની સંપત્તિ જપ્ત કરીને યુક્રેન માટે વાપરવા કહેતાં રશિયા ભડક્યું છે. જી-૭માં અમેરિકા અને યુકે ઉપરાંત કેનેડા, ફ્રાન્સ, જર્મની, જાપાન અને ઈટાલી છે.

રશિયાની પશ્ચિમના દેશોમાં ફ્રીઝ થયેલી ૩૦૦ અબજ ડોલરની સંપત્તિમાંથી અમેરિકામાં માત્ર ૬ અબજ ડોલરની આસપાસની સંપત્તિ છે પણ યુરોપીયન યુનિયનના દેશોમાં ૨૨૫ અબજ ડોલરની સંપત્તિ છે. પુતિને રશિયાના રૂબલને સ્થિર રાખવા માટે યુરો અને ડોલરમાં મોટા પાયે રોકાણ કરેલું. આ પૈકીની મોટા ભાગનું રોકાણ ફ્રાન્સ, જર્મની અને બેલ્જિયમની બેંકોમાં છે.

આ સંપત્તિ જપ્ત કરાય તો રશિયા પણ જેવા સાથે તેવું થઈને અમેરિકા અને યુરોપના સરકારોની જ નહીં પણ કંપનીઓની સંપત્તિ પણ જપ્ત કરશે એવી ખુલ્લી ધમકી રશિયાએ આપી છે. રશિયાની ધમકીના કારણે યુરોપના -દેશો આઘાપાછા થવા માંડયા છે.

અમેરિકાના કારણે યુરોપના દેશો યુક્રેન યુદ્ધને મુદ્દે રશિયા સામે બાંયો ચડાવીને બેસી ગયા, રશિયા પર પ્રતિબંધો મૂકી દીધા, તેની સાથેના સત્તાવાર વ્યાપાર પર પ્રતિબંધ મૂક્યો, યુક્રેનને મદદ કરી એ બધું કર્યું પણ રશિયાની સંપત્તિ જપ્ત કરવા જતાં પોતાનાં અર્થતંત્ર ડામાડોળ થઈ જશે એવો ફફડાટ તેમને સતાવી રહ્યો છે. તેનું કારણ એ કે, રશિયામાં યુરોપના દેશોમાં આર્થિક હિતો વધારે પ્રમાણમાં છે. અમેરિકા અને યુરોપના દેશોની રશિયામાં ૩૦૦ અબજ ડોલરની એસેટ્સ છે જ્યારે બંનેની કંપનીઓની એસેટ્સ તો તેના કરતાં પણ વધારે છે. તેમાંથી ૮૦ ટકા એસેટ્સ તો યુરોપના દેશોની છે.

અમેરિકાના નિર્ણયના કારણે રશિયાએ ૩૦૦ અબજ ડોલરની એસેટ્સથી હાથ ધોવા પડે પણ સામે રશિયાને ૩૦૦ અબજ ડોલરથી વધારેની એસેટ્સ મળી જાય તેથી રશિયા નુકસાનમાં નથી. અમેરિકા પણ રશિયાની ૬ અબજ ડોલરની સંપત્તિ જપ્ત કરીને ફાયદામાં જ રહે પણ યુરોપના દેશોની હાલત બે આખલાની લડાઈમાં ઝાડનો ખો નિકળવા જેવી થાય.

રશિયા-ચીનને ટેકો આપવાની સજારૂપે અમેરિકા આપણી સાથે પણ આ પ્રકારનો વ્યવહાર કરી શકે છે એવો ડર સૌથી પહેલાં તેમને જ લાગશે તેથી સૌથી પહેલાં આ દેશો અમેરિકામાંથી રોકાણ પાછું ખેંચવા માંડશે. તેના કારણે લાંબા ગાળે અમેરિકાના અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર પડશે એવું અર્થશાસ્ત્રીઓ માને છે.

અમેરિકાના નિર્ણયથી ડી-ડોલરાઈઝેશનની પ્રક્રિયા પણ ઝડપી બનશે. અમેરિકાનો ડોલર વરસોથી વિશ્વમાં સર્વોપરિ ચલણ મનાય છે કેમ કે અમેરિકાની આર્થિક હાલત મજબૂત છે. દુનિયાભરના દેશો અમેરિકાના સરકારી બોન્ડ્સ તથા બીજાં ઈન્સ્ટ્રમેન્ટ્સમાં ઉંચા વળતર અને સલામતીના કારણે રોકાણ કરે છે. આ રોકાણ કરવા માટે ડોલર ખરીદે છે તેથી ડોલરની સતત માંગ રહે છે, ડોલર મજબૂત થાય છે.

રશિયાની સંપત્તિ જપ્ત કરવાના નિર્ણયને કારણે અમેરિકામાં રોકાણ અને એસેટ્સ સલામત નથી. આ એસેટ્સ ગમે ત્યારે અમેરિકા દાદાગીરી કરીને ઝૂંટવી શકે છે એવો ખોટો મેસેજ ગયો છે.

કોઈ પણ દેશની બીજા દેશમાં એસેટ્સની વાત કરીએ ત્યારે તેમાં સરકારી બોન્ડ્સ, બેંકોમાં મૂકેલી ડીપોઝિટ્સ સહિતનાં તમામ રોકાણ આવી જતાં હોય છે. વાસ્તવમાં બીજા દેશમાં કોઈ દેશની એસેટ્સમાં તેનું પ્રમાણ જ વધારે હોય છે. એક રીતે એસેટ્સ કોઈ પણ દેશે કરેલી બચત છે. આ બચત ગુમાવવાના ડરે દેશો અમેરિકાથી દૂર થશે અને રશિયા-ચીન તરફ ઢળશે. ચીન ડોલરના વિકલ્પ તરીકે પોતાના સત્તાવાર ચલણને માન્યતા અપાવવા પ્રયત્નશીલ છે જ. અત્યાર લગી ચીને ઘણા દેશોને પોતાની જાળમાં ફસાવેલા છે. હવે બીજા દેશો આ જાળમાં ફસાશે અને ચીન તરફ ઢળશે તેથી કરન્સી વોર તીવ્ર બનશે. કરન્સી વોર તીવ્ર બને તેની અસર દુનિયાની ઈકોનોમી પર પડે છે તેથી બધું ડામાડોળ થઈ જશે.

### કોંગ્રેસ નેતાની પુત્રી નેહાની કોલેજમાં હત્યા

# લવ જેહાદ કે ડિપ્રેશનનું પરિણામ ?

**હુબલીની** કેએલઈ ટેકનોલોજિકલ યુનિવર્સિટીની બીવીબી કોલેજમાં માસ્ટર ઓફ કોમ્પ્યુટર ઓપ્લિકેશન (એમસીએ)માં ભણતી નેહા સાંજે છૂટીને બહાર નિકળતી હતી ત્યારે જ ફયાઝ સામે આવી ગયો. નેહા કંઈ સમજે એ પહેલાં ચાકુ કાઢીને ઘા કરી દીધો. નીચે પડી ગયેલી નેહા પર એ પછી ઉપરાછાપરી સાત ઘા કરીને ફયાઝ ભાગી ગયો હતો પણ પોલીસે તેને ઝડપી લેતાં જેલભેગો કરી દીધો છે. કોલેજના સીસીટીવીમાં નેહાની હત્યાની ઘટના કેદ થઈ છે. આઘાતજનક વાત એ છે કે, કેટલાક વિદ્યાર્થી દૂરથી ફયાઝ નેહાને ચાકુથી મારી રહ્યો છે એ જોઈ રહ્યા છે પણ કોઈ બચાવવા વચ્ચે પડતું નથી. ફયાઝ ભાગી ગયો પછી કેટલાક વિદ્યાર્થીઓએ ફયાઝને પકડી લીધો પણ તમાશો જોનારા વિદ્યાર્થીઓએ આ હિંમત પહેલાં બતાવી હોત તો નેહા કદાચ બચી ગઈ હોત. ફયાઝ ભાગ્યો પછી નેહાને હોસ્પિટલ લઈ ગયાં પણ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયેલું અને નેહા ગુજરી ગઈ હતી.

હિંદુવાદી સંગઠનો નેહાની હત્યાને લવ જિહાદનો કેસ ગણાવીને ઉગ્ર દેખાવો કરી રહ્યાં છે અને છેલ્લા ત્રણ દિવસથી હુબલી બંધ છે. ભાજપે પણ સમગ્ર કર્ણાટકમાં દેખાવો કરતાં લોકસભાની ચૂંટણી વખતે જ લવ જિહાદનો મુદ્દો ગાજવા માંડયો છે. બીજી તરફ કર્ણાટકની સિધ્ધરામૈયા સરકાર નેહાની હત્યાને અંગત મામલો ગણાવી રહી છે. ભાજપ રાજકીય ફાયદા માટે નેહાની હત્યાને લવ જિહાદ ગણાવીને વાતાવરણ ડહોળી રહ્યો હોવાનો આક્ષેપ સિધ્ધરામૈયાએ પોતે કર્યો છે. નેહાના પિતા નિરંજનય્યા હીરેમથ હુબલી-ધારવાડ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસના કોર્પોરેટર છે. નિરંજનય્યા હીરેમથે પોતે આક્ષેપ કર્યો છે કે, નેહાની હત્યા લવ જિહાદના કારણે કરાઈ છે.





ફયાઝ નેહાને મુસ્લિમ બનાવીને તેની સાથે નિકાહ કરવા માગતો હતો એવો હીરેમથનો આક્ષેપ છે. હીરેમથના કહેવા પ્રમાણે, તેમણે થોડા દિવસ પહેલાં જ ફયાઝને ફોન કરીને કહેવું કે, અમે હિંદુ છીએ અને તમે મુસ્લિમ છો તેથી નેહા સાથે તેનાં લગ્ન શક્ય નથી. પોતે બે હાથ જોડીને ફયાઝને નેહાથી દૂર કરહેવા વિનંતી કરી હતી.

ફયાઝ કોલેજનો જૂનો વિદ્યાર્થી હતો. તેણે નેહાને પ્રપોઝ કરેલું પણ નેહાએ ના પાડી દીધી તેથી એ ઉશ્કેરાયો અને હત્યા કરી નાંખી. હીરેમથે હિંદુવાદીઓની વાતને સમર્થન આપતાં કોંગ્રેસની હાલત કફોડી છે.

ફયાઝનાં માતા-પિતા પણ સિધ્ધારામૈયાની લવ જિહાદની વાતને ખોટી ગણાવી રહ્યાં છે. ફયાઝના પિતા બાબાસાહેબ સુબાની અને માતા મુમતાઝ બંને શિક્ષક છે. બંનેએ નેહાની હત્યા બદલ ફયાઝને આકરામાં આકરી સજા કરવાની માગ કરી છે અને નેહાના પરિવારની માફી પણ માગી છે. સાથે સાથે દાવો કર્યો છે કે, નેહા અને ફયાઝ એકબીજાના પ્રેમમાં હતાં.

બાબાસાહેબ સુબાનીએ પોતે ફયાઝને નેહા સાથે લગ્નની જીદ છોડી દેવા બે હાથ જોડીને વિનંતી કરી હતી એવો દાવો કર્યો છે. મુમતાઝના કહેવા પ્રમાણે, ફયાઝ યુનિવર્સિટીમાં બોડી બિલ્ડિંગમાં ચેમ્પિયન બન્યો પછી નેહાએ સામેથી મોબાઈલ નંબર માંગીને દોસ્તીની શરૂઆત કરી હતી.



## Gadgets ગુરૂ

### વીવો V30e સ્માર્ટફોન 2 મેના રોજ લોન્ચ થશે

ચીનની ટેક કંપની વીવો આવતા મહિને વધુ એક નવો સ્માર્ટફોન લોન્ચ કરવા જઈ રહી છે. કંપની વીવો V29 નું આગામી વર્ઝન 'વીવો V30e' 2 મેના રોજ લોન્ચ કરશે. સ્માર્ટફોનમાં 5500 mAh બેટરી અને 50-મેગાપિક્સલનો સેલ્ફી કેમેરા હશે. આ ઉપરાંત કંપની આ ફોનમાં 6.78 ઈંચની ફુલ HD+ એમોલેડ ડિસ્પ્લે, 50MP મુખ્ય કેમેરા અને ક્વાલકોમ સ્નેપડ્રેગન 6 જેન 1 ચિપસેટ આપી શકે છે.

- 120 Hz રિફ્રેશ રેટ
- 6.78 ઈંચની ફુલ HD + એમોલેડ ડિસ્પ્લે
- રિઝોલ્યુશન 2400x1080
- ક્સિેલ
- 2MP અલ્ટ્રા-વાઈડ એંગલ કેમેરા
- 50 MP મુખ્ય કેમેરા
- સેલ્ફી-વીડિયો કોલિંગ માટે 50MP ફ્રન્ટ કેમેરા

# નાસાના અવકાશ યાન વોયેજર-1એ કમાલ કરી

## 24 અબજ કિલોમીટર દૂરથી સિગ્નલ મોકલતાં વૈજ્ઞાનિકો પણ ચોંકી ઉઠ્યા, એન્જિનિયરો તેને વાંચવામાં સફળ પણ રહ્યા છે.

### 5 મહિના પહેલા સ્પેસશિપની ચિપમાં સમસ્યા આવી હતી, 46 વર્ષ પહેલા લોન્ચ કરવામાં આવ્યું હતું મિશન


■ વોશિંગ્ટન

અમેરિકન સ્પેસ એજન્સી નાસાના અવકાશયાન વોયેજર-1એ 24 અબજ કિલોમીટર દૂરથી સિગ્નલ મોકલ્યા છે. છેલ્લા 5 મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે વોયેજરે સંદેશ મોકલ્યો છે અને નાસાના એન્જિનિયરો તેને વાંચવામાં સફળ રહ્યા છે. વોયેજર 1ને વર્ષ 1977માં અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. આ માનવ દ્વારા બનાવેલ અવકાશયાન છે જે અવકાશમાં સૌથી દૂરના અંતરે હાજર છે. આ અવકાશયાન ગયા વર્ષે 14 નવેમ્બરથી સિગ્નલ મોકલવાનું બંધ કરી દીધું હતું. જો કે, તેને પૃથ્વી પરથી મોકલવામાં આવેલા આદેશો મળતા હતા. વાસ્તવમાં, ડેટા એકત્રિત કરવા અને તેને પૃથ્વી પર મોકલવા માટે જવાબદાર અવકાશયાનની ફ્લાઈટ ડેટા સિસ્ટમ લૂપમાં અટવાઈ ગઈ હતી.


માર્ચમાં, નાસાની ટીમે શોધ્યું હતું કે અવકાશયાન પરની એક ચિપ ખરાબ થઈ ગઈ હતી, જેના કારણે 3% ડેટા સિસ્ટમ મેમરી બગડી ગઈ હતી. આ કારણોસર સ્પેસશિપ કોઈપણ વાંચી શકાય તેવા સંકેત મોકલવામાં સક્ષમ ન હતું. આ પછી વૈજ્ઞાનિકોએ કોડિંગ દ્વારા ચિપને ઠીક કરી. વોયેજર દ્વારા 20 એપ્રિલે મોકલવામાં આવેલા સિગ્નલમાં તેણે તેના સ્વાસ્થ્ય અને સ્ટેટસ અપડેટ આપ્યા છે. નાસાના જણાવ્યા અનુસાર, આગળનું પગલું અવકાશયાનમાંથી વિજ્ઞાન ડેટા મેળવવાનું છે.

વોયેજર-2 પછી, નાસાએ અવકાશમાં અન્ય ગ્રહો શોધવા માટે વોયેજર-1 લોન્ચ કર્યું. તે 5 સપ્ટેમ્બર 1977ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.


### સ્પેસશિપ પર હાજર સૌરમંડળનો નકશો, પૃથ્વી પરના જીવનના ચિત્ર




વોયેજર અવકાશયાન બંનેમાં ગોલ્ડન રેકોર્ડ્સ હાજર છે. તેમાં સૌરમંડળનો નકશો, અવકાશયાન પર રેકોર્ડ વગાડવા માટેની સૂચનાઓ અને યુરેનિયમનો ટુકડો સામેલ છે. તે રેડિયોએક્ટિવ ઘડિયાળની જેમ કામ કરે છે, જે સ્પેસશિપના લોન્ચિંગની તારીખ વિશે માહિતી આપે છે. આ સિવાય તેમાં 12 ઈંચની ગોલ્ડ પ્લેટેડ કોપર ડિસ્ક પણ છે, જેનો ઉપયોગ અવકાશમાં આપણી દુનિયા વિશેની માહિતી શેર કરવા માટે થાય છે. તેમાં ચિત્રો, સંગીત અને પૃથ્વી પરના જીવન સાથે સંબંધિત કેટલાક વિશિષ્ટ અવાજોનો સમાવેશ થાય છે. નાસાના જણાવ્યા અનુસાર, વોયેજર અવકાશયાનની પાવર બેંક 2025 સુધીમાં સમાપ્ત થવાની સંભાવના છે. આ પછી પણ તે આકાશગંગામાં પરિભ્રમણ કરવાનું ચાલુ રાખશે.









# USએ રશિયા સામેના યુદ્ધમાં 'સિક્રેટ હથિયાર' આપ્યું

### યુક્રેને ઉપયોગ પણ કરવા લાગતા તણાવ વધ્યો

■ વોશિંગ્ટન



રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેને હવે રશિયા સામે અમેરિકાએ આપેલી સિક્રેટ મિસાઈલનો પણ ઉપયોગ શરુ કરી દીધો છે. આ મિસાઈલ MGM-140 ATACMS એટલે કે આર્મી ટેકિટકલ મિસાઈલ સિસ્ટમ તરીકે પણ ઓળખાય છે. આ લાંબા અંતરની આ મિસાઈલને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને ગુપ્ત રીતે યુક્રેનને પૂરી પાડવા માટે સંમતિ આપી દીધી છે. 12 માર્ચે તેને યુક્રેન માટે જાહેર કરાયેલા 300 મિલિયન ડોલરના હથિયારોના પેકેજમાં ગૂપચૂપ રીતે સામેલ કરી દેવામાં આવી હતી. આ મહિનાની શરુઆતમાં જ MGM-140 ATACMS મિસાઈલ યુક્રેન પહોંચી ચૂકી હતી. આ પહેલા આ મિસાઈલ યુક્રેનને આપવા સામે અમેરિકાની સરકારે ચિંતા વ્યક્ત કરી હતી. અમેરિકાને યુક્રેનની મિસાઈલ ઓપરેટ કરવાની તૈયારી અને ક્ષમતા પર શંકા હતી. MGM-140 ATACMS મિસાઈલ અમેરિકાની લોકહીડ માર્ટીન કંપની બનાવે છે અને દર વર્ષે 500 જેટલી મિસાઈલોનુ પ્રોડક્શન કરવામાં આવે છે.

# જળવાયુ પરિવર્તનની આખી દુનિયામાં અસર

### ભારતમાં સારી આબોહવાના દિવસો 140થી ઘટીને 69 થશે, લોકોની મુશ્કેલી વધશે

### હરવું-ફરવું ઘટશે અને ઘણા ટુરિસ્ટ સ્પૉટ બદલાશે, USની MIT યુનિવર્સિટીનું સંશોધન

■ ન્યૂયોર્ક

ક્લાઈમેટ ચેન્જથી દુનિયાનો ટુરિસ્ટ મેપ પણ બદલાઈ જશે. આગામી 75 વર્ષોમાં ઘણા દેશોમાં સારી આબોહવાના દિવસોની સંખ્યા ઘટશે તો ક્યાંક વધી જશે. MITના સંશોધન મુજબ ભારતમાં પ્રવાસીઓ માટે સારા ગણાતા 'આઉટડોર ડે'ની સંખ્યા 140 થી ઘટીને 69 થઈ જશે. 'આઉટડોર ડે' એ 24-કલાકનો સમયગાળો છે જેમાં ઘરની બહાર અત્યંત ગરમી કે આકરી ઠંડીનો અનુભવ થતો નથી. આ સમય દરમિયાન લોકો આસપાસ ફરવા, રમવા, કૂદકા મારવા અને ઘરની બહારના તમામ કામ સરળતાથી કરી શકે છે. વિજ્ઞાનીઓએ હવામાનને લગતા 50 મોડેલોના ડેટાનું એનાલિસિસ કર્યા બાદ જણાવ્યું હતું કે દક્ષિણ ગોળાર્ધના દેશોમાં આબોહવા પરિવર્તનની અસરો વધુ ઘેરી રહેશે. જો કે, માનવસર્જિત ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં આ દેશોનો ફાળો ઓછો રહ્યો છે.

### બ્રિટન અને ઓસ્ટ્રિયામાં પ્રવાસીઓનો ધસારો વધશે

બાર્બાડોસ જેવા કેરેબિયન ટાપુઓ સારા હવામાનને કારણે આખા વર્ષ દરમિયાન પ્રવાસીઓની ભીડને આકર્ષે છે. પરંતુ વર્ષ 2100 સુધીમાં અહીં ખુશનુમા હવામાનના દિવસો ઘટીને લગભગ અડધા થઈ જશે. આફ્રિકાના આઈવરી કોસ્ટ જેવા વિકાસશીલ દેશોને પણ ઓછા આઉટડોર દિવસો મળશે. રશિયા, કેનેડા અને અન્ય ઉત્તરીય દેશોને વધુ આઉટડોર દિવસો મળશે, એમઆઈટી (મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી) ના સંશોધક યેઓનવુ ચોઈ કહે છે. પ્રવાસીઓ બ્રિટન અને ઓસ્ટ્રિયામાં પણ લાંબા સમય સુધી મુસાફરી કરી શકશે.



**ફ્રાન્સ, બ્રિટન અને જર્મનીમાં શિયાળામાં ગરમી વધી રહી છે** સદીના અંત સુધીમાં પૃથ્વીના ઉત્તરીય ગોળાર્ધના રહેવાસીઓ સામાન્ય રીતે શિયાળાની શરૂઆતમાં વસંતના તડકાના દિવસો જોશે. આખા વર્ષ દરમિયાન ઓછા દિવસો સમશીતોષ્ણ હવામાનનો આનંદ માણશે. આબોહવામાં આવેલા આ ફેરફારની સૌથી વધુ અસર ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં પર્યટન સ્થળો પર પડશે.

# અમેરિકામાં વર્ષ 2025માં ભારતીયોનો દબદબો વધશે, રિપોર્ટમાં દાવો

### 4 લાખ જેટલાં ભારતીયો USની નાગરિકતા મેળવશે

■ ન્યૂયોર્ક

અમેરિકામાં ભારતીયોનો દબદબો વધી રહ્યો છે. અમેરિકામાં 2022માં 66 હજાર ભારતીયોને અમેરિકાનું નાગરિકત્વ મળ્યું છે. કોંગ્રેસ રિસર્ચ સર્વિસ (સીઆરએસ)ના રિપોર્ટ અનુસાર મેક્સિકોના લોકો 1.28 લાખ સાથે પહેલા નંબરે છે જ્યારે ભારતીયો બીજા ક્રમે છે. અમેરિકી સેન્સસ બ્યૂરો અને ન્યૂયોર્ક મેયર ઑફિસના ઈમિગ્રેશન એક્સપર્ટ જૉન પરઝુના જણાવ્યા પ્રમાણે આવતા વર્ષે અમેરિકી નાગરિકતા મેળવનારાઓમાં ભારતીય નંબર વન થશે. 2025માં ગ્રીનકાર્ડ હૉલ્ડર ભારતીયોની સંખ્યા ચાર લાખથી વધારે થઈ જશે. તેઓ તમામ અમેરિકી નાગરિકતા માટે લાયક થઈ જશે. યુએસ નેચરલાઈઝેશન પૉલિસીમાં 5 વર્ષમાં અમેરિકામાં વસવાટ કરનારની એસેટ વેલ્યુ પણ તપાસવામાં આવે છે.ઈન્ડિસ્પોરાના સ્થાપક એમઆર રંગાસ્વામીનું કહેવું છે કે 72 ટકા ભારતીય સ્કિલ્ડ જૉબ કે ફેમિલી બેઝ સિસ્ટમમાંથી આવે છે.

### 50 ટકા ભારતીયો પાસે એડવાન્સ ડિગ્રી, અમેરિકાના 30 ટકા લોકો ગ્રેજ્યુએટ





2024માં ભારતીય સ્ટુડન્ટ્સ અને એચ1-બી1 કેટેગરીમાં રેકોર્ડબ્રેક 14 લાખ વીઝા જારી થયા હતા. 80% ભારતીય ડિગ્રી હૉલ્ડર, જ્યારે માત્ર 30% અમેરિકનો પાસે ડિગ્રી | માઈગ્રેશન પૉલિસી ઈન્સ્ટીટ્યૂટ અનુસાર 25 વર્ષ કે તેથી વધુ વયના 80 ટકા ભારતીયો પાસે ગ્રેજ્યુએટ ડિગ્રી છે. જ્યારે અમેરિકનો તથા અન્ય દેશના માત્ર 30 ટકા લોકો ગ્રેજ્યુએટ છે. અમેરિકામાં રહેતા લગભગ 50 લાખ ભારતીયોમાંથી 50 ટકા પાસે ડૉક્ટર, એન્જિનિયર કે પીએચડી જેવી એડવાન્સ ડિગ્રી છે. જ્યારે 15 ટકા અન્ય ઈમિગ્રન્ટ્સ અને અમેરિકનો પાસે એડવાન્સ ડિગ્રી છે.

**ભારતીયો આ કારણોસર નાગરિકતામાં મોખરે:** અમેરિકી વસતીમાં ભારતીયો 1 ટકા છે. પણ 17 % ભારતીય આઈટી પ્રોફેશનલ છે. અમેરિકી ડૉક્ટરોમાં 7%ભારતીય છે. વિખ્યાત સિલિકોન વેલીમાં 33% સ્ટાર્ટઅપ ભારતીય મૂળના લોકોનું. 8 ટકા હાઈટેક કંપનીઓ ભારતીયોની છે.

### નેતન્યાહૂએ કહ્યું- યહૂદી વિરોધીઓએ કોલેજો પર કબજો કર્યો

# અમેરિકાની 25 યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શન









## પોલીસે વિરોધ કરનારા 30 વિદ્યાર્થીઓની અટકાયત કરી

■ વોશિંગ્ટન

અમેરિકાની યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શન વધી રહ્યું છે. કોલંબિયા, લોસ એન્જલસ અને ઓસ્ટિન સહિત દેશભરની 25 યુનિવર્સિટીઓમાં ચાલી રહેલા પ્રદર્શન દરમિયાન લોકો ગાઝા પર ઈઝરાયલના હુમલાઓને રોકવાની માંગ કરી રહ્યા છે. બુધવારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન, ટેક્સાસ યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓના 34 વિદ્યાર્થીઓની પણ ધરપકડ કરવામાં આવી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, બુધવારે પોલીસે કેલિફોર્નિયા યુનિવર્સિટી, લોસ એન્જલસમાં પ્રદર્શનકારીઓના તંબુઓ ઉખેડી નાખ્યા હતા. 30 જેટલા વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હતી. બાકીના 150 પ્રદર્શનકારીઓને પણ કોલેજમાંથી હાંકી કાઢવાની ચેતવણી આપવામાં આવી હતી.

બીજી તરફ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ બુધવારે પહેલીવાર આ વિરોધ પ્રદર્શનો પર નિવેદન જાહેર કર્યું હતું. નેતન્યાહૂએ કહ્યું, “અમેરિકન યુનિવર્સિટીઓમાં ઈઝરાયલના યુદ્ધનો વિરોધ ભયંકર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. યહુદી વિરોધી ટોળાએ મોટી યુનિવર્સિટીઓ પર કબજો જમાવી લીધો છે. તેઓ ઈઝરાયલને ખતમ કરવા માંગે છે.

## NEWS FILE

### ઈઝરાયલ સાથેની ડીલનો વિરોધ કરનારા પર તવાઈ




કેલિફોર્નિયાઃ દિગ્ગજ ટેક કંપની ગૂગલે ઈઝરાયલ સાથેની ડીલનો વિરોધ કરનારા વધુ 20 કર્મચારીઓની હકાલપટ્ટી કરી છે. અત્યાર સુધીમાં ગૂગલે આ મુદ્દા પર નોકરીમાંથી કાઢી મુકેલા કર્મચારીઓની સંખ્યા હવે 48 પર પહોંચી છે. ગૂગલે ગત સપ્તાહે 28 કર્મચારીઓને સામૂહિક પાણીચુ પકડાવી દીધુ હતુ. ગૂગલે ઈઝરાયેલ સાથે 1.2 અબજ ડોલરના એક ડિફેન્સ પ્રોજેકટ પર ડીલ કરી છે. જેની સામે ઈઝરાયેલ વિરોધી કર્મચારીઓ વિરોધ કરી રહ્યા છે. ગૂગલના સિક્યુરિટી ચીફ રેકોએ કર્મચારીઓ દ્વારા થતા દેખાવોને બીજા કર્મચારીઓ માટે જોખમરુપ અને તકલીફજનક ગણાવ્યા હતા.

### USમાં બે ભારતીય વિદ્યાર્થીએ અકસ્માતમાં ગુમાવ્યો જીવ

એરિઝોનાઃ અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓના મોતનો સિલસિલો અટકવાનુ નામ નથી લઈ રહ્યો. હવે માર્ગ અકસ્માતમાં વધુ બે ભારતીય વિદ્યાર્થીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મળતી વિગતો પ્રમાણે એરિઝોના રાજ્યના કેસલ હોટ સ્પ્રિંગ્સ રોડ પર 20 એપ્રિલે સાંજના સમયે બે કારો વચ્ચે ટકકર થઈ હતી. પોલીસે કહ્યુ હતુ કે, ‘અકસ્માતનુ કારણ તો જાણવા નથી મળ્યુ પણ તેમાં બે વ્યક્તિઓના મોત થયા છે અને તેમની ઓળખ ભારતીય વિદ્યાર્થીઓ તરીકે થઈ રહી છે.’

# USની પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં આપી ચેતવણી

### ઈરાન સાથે વ્યવહાર રાખશો તો પરિણામો ભોગવવા પડશે

■ વોશિંગ્ટન




અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધો જગ જાહેર છે. ઈઝરાયેલ ઉપર ઈરાને કરેલા હુમલા પછી તો તે સંબંધો ઘણા જ તંગ થઈ ગયા છે. અત્યારે ઈરાનના પ્રમુખ ઈબ્રાહીમ રઈસી પાકિસ્તાનની મુલાકાતે છે. તેની ઉપર અમેરિકાની બાજ નજર છે. અમેરિકાના એક અધિકારીએ જાહેર કરી દીધું છે કે, ઈરાન સાથે વ્યવહાર રાખનાર સર્વ કોઈએ અમેરિકા દ્વારા તેની ઉપર લાદવામાં આવનારા પ્રતિબંધો માટે તૈયાર જ રહેવું જોઈએ. અમેરિકી વિદેશ મંત્રાલયના ઉપ પ્રવકતા વેદાંત પટેલે ઈરાનના પ્રમુખની પાકિસ્તાનની મુલાકાત સંદર્ભે પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં કહ્યું હતું કે, ‘હું વ્યાપક રીતે તેમ કહેવા માગું છું કે, ઈરાન સાથે વ્યવહાર રાખનાર કોઈ પણ વ્યકિત (કે દેશ) ઉપર અમેરિકા પ્રતિબંધ મુકશે જ, તેની તે વ્યક્તિને (કે દેશને) માહિતી હોવી જ જોઈએ. રઈસીની પાકિસ્તાનની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે ૮ કરારો થયા હતા. બંનેએ દ્વિપક્ષી વ્યાપાર ૧૦ અબજ અમેરિકી ડોલર સુધી વધારવા સહમતી સાધી હતી.

# કોરોના બાદ અમેરિકામાં મોંઘવારીએ માઝા મૂકી

### અમેરિકી પરિવારોનું રિટાયરમેન્ટ ફંડ હવે ખતમ થવાના આરે

■ વોશિંગ્ટન



મેક્સિકોના રોસારિટો શહેરમાં રહેતા અમેરિકાના જિમ અને તેની પત્ની રેની વર્નાડોરને પ્રવાસી કહેવડાવું જરા પણ પસંદ નથી. રિટાયર થયા પછી અમેરિકા છોડી સંપૂર્ણપણે અહીં વસી ગયા છે. અમેરિકાના કેલિફોર્નિયામાં રહેતી 65 વર્ષીય કલાકાર ટેલર બર્નેસે ક્યારેય નહોતું વિચાર્યું કે તેને અમેરિકા છોડવું પડશે. પરંતુ વર્ષ 2021માં તે તેના પરિવાર સાથે હંમેશા માટે ફ્રાન્સના એક ગામમાં આવીને વસી. જિમ અને ટેલર બીજા દેશોમાં વસનારા એકલા અમેરિકન નથી, રિટાયરમેન્ટ પછી અમેરિકા છોડનારાઓની સંખ્યા ઝડપથી વધી છે. તેમની પહેલી પસંદ મેક્સિકોનાં શહેર અને ફ્રાન્સનાં ગામો છે. હકીકતે, અમેરિકામાં મોંઘવારીના કારણે ખર્ચો કાઢવો મુશ્કેલ થઈ ગયો છે. લોકોની રિટાયરમેન્ટ બચત એટલી નથી વધી કે તે આખી જિંદગી કામ કર્યા વિના રહી શકે. એવામાં દેશ છોડીને કોઈ અન્ય સ્થાને વસવાટ કરવો સૌથી શ્રેષ્ઠ વિકલ્પ જણાય છે, જ્યાં તેમને તેમની લાઈફસ્ટાઈલ સાથે પણ સમાધાન નથી કરવું પડતું.

### ચીને સાત વર્ષમાં 10 લાખ મુસ્લિમોને જેલમાં ધકેલ્યા




ન્યૂયોર્કઃ ચીનમાં મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યા છે તે તો આખી દુનિયા જાણી ચૂકી છે પણ તેને લઈને છાશવારે જે પ્રકારની જાણકારી સામે આવે છે તે ચોંકાવનારી હોય છે. અમેરિકાએ હાલમાં જ એક અહેવાલ જાહેર કરીને ચીનની ફરી એક વખત પોલ ખોલી નાંખી છે. આ અહેવાલ અનુસાર ચીનમાં 2017 થી 2023 સુધીમાં દસ લાખ ઉઈગર સહિતના મુસ્લિમોને મનફાવે તે રીતે પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યુ છે કે , ‘અમે દુનિયાભરમાં માનવાધિકારોનુ સન્માન કરનારા અને લોકોની સ્વતંત્રતા માટે લડનારાઓનુ સમર્થન કરવાનુ ચાલુ રાખીશું.

# ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું - અમેરિકા જગત જમાદારી છોડે


« દરેક દેશ વચ્ચે જમાવે છે અડિંગો

### બાઈડેને જવાબ આપ્યો - તો પછી નેતૃત્વ કોણ કરશે?

■ વોશિંગ્ટન

જો અમેરિકા વિશ્વ મંચ ઉપરથી ખસી જશે તો દુનિયાને દોરવણી કોણ આપશે? પોતાના ચૂંટણી પ્રચાર માટે અને ભંડોળો ઊભા કરવા માટે દેશભરમાં જગાવેલી ઝૂંબેશના ભાગ રૂપે ફલોરિડાના રામ્પામાં પોતાના સમર્થકોને કરેલા સંબોધનમાં પ્રમુખ બાઈડેને કહ્યું કે, જરા આ રીતે વિચારો કે ‘ટ્રમ્પ કહે છે કે, આપણે દુનિયાની ચિંતા છોડી દેવી જોઈએ. તો મારૂ કહેવું છે કે જો અમેરિકા વિશ્વ મંચ ઉપરથી ખસી જશે તો દુનિયાને નેતૃત્વ કોણ આપશે ?’ નવેમ્બર ૨૦૨૪માં યોજાનારી અમેરિકાના પ્રમુખ પદ માટેની ચૂંટણીમાં જો બાયડેનની સામે પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઊભા રહ્યા છે તે સર્વવિદિત છે. આ દર્શાવે છે કે લોકો હવે સાંભળવા તૈયાર થયા છે. આ પછી પ્રમુખે એક બાળક અને બાળકીનાં કાનમાં કશું કહ્યું. શું કહ્યું તે જાણવું છે ? કહ્યું : માતા-પિતા પાસે આઈસ્ક્રીમ માગજો. ઉલ્લેખનીય છે કે આ અનુદાનોમાં ૯૭ ટકા દાતાઓએ માત્ર ૨૦૦ ડોલર જ આપ્યા હતા.

### 16 લાખ દાતાઓએ મને દાન આપ્યું છે, ડોનાલ્ડ ટ્રમ્પ-બાઈડેન વચ્ચે થશે ટક્કર



ફલોરિડાના રામ્પામાં આપેલા આ પ્રવચનમાં બાઈડેને કહ્યું હતું કે, હું જયાં જયાં ગયો- જી-૭ કે જી-૨૦ તે તમામ આંતરરાષ્ટ્રીય પરિષદોમાં લોકશાહીને ચાહનારા તમામે મને કહ્યું હતું કે, તમારે જીતવું જ જોઈએ. મારા માટે નહીં પરંતુ લોકશાહી માટે. કારણ કે દુનિયાભરની સાચી લોકશાહી એ માટે અમેરિકા આધારરૂપ છે. આથી દુનિયા સમસ્ત જોઈ રહી છે કે, આપણે આપણને જ કઈ રીતે સંભાળીએ છીએ, આપણે પરિસ્થિતિનો કઈ રીતે સામનો કરીએ છીએ ?’ હું ચૂંટણી રાજકારણ સમજી ન શકું તેટલો બાળક હતો. આ સાથે તેઓએ સમર્થકોને કહ્યું કે હજી સુધીમાં અમે અર્ધો અબજ ડોલર ઉભા કર્યા છે પરંતુ મને જે સૌથી વધુ ઉત્સાહિત કરે છે તેમાં ૧૬ લાખ દાતાઓએ દાન આપ્યું છે જે સંખ્યા ૫૦ હજારથી - ગત સમયના દાતાઓ કરતા વધુ છે.

લોકસભાની ચૂંટણીનો મહાસંગ્રામ

# PM મોદી 1 મેથી પ્રચારનું રણશિંગું ફૂંકશે, બે દિવસમાં 6 જેટલી જનસભા ગજવશે

## કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર-મધ્યની તમામ બેઠકો આવરી લેશે, પ્રિયંકા-રાહુલ પણ પ્રચાર કરશે

■ ગાંધીનગર

દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી 2024ના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની 26 પૈકી 25 બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરી રહ્યા છે. જેમાં ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચારનો આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન 1-2 મે એમ બે દિવસમાં જ છ જાહેર સભાઓ ગજવશે. સંભવતઃ વડોદરામાં રોડ શો પણ કરી શકે છે. વડાપ્રધાનના પ્રવાસ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ત્રણ દિવસ પોતાના હોમ સ્ટેટમાં ભાજપના પ્રચાર માટે આવવાના છે. વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે.

દેશમાં સૌ પ્રથમ સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સોમવારે બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જેના પગલે રાજ્યની હવે 25 બેઠકો પર જ ખરાખરીનો જંગ રહ્યો છે. ભાજપ માટે આણંદ, રાજકોટ, બનાસકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર, જામનગર જેવી બેઠકો પર ક્ષત્રિયોનો પડકાર છે. ક્ષત્રિય સમાજ સાથે હાલ અલગ અલગ જિલ્લાઓમાં જઈ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી બેઠકો યોજી મામલો થાળે પાડવાના પ્રયાસો કરી રહ્યા છે. જોકે, આમાં હજુ સુધી ફળદાયી સફળતા મળતી હોવાના કોઈ સંકેત મળ્યા નથી.

### અમિત શાહ 27થી 29 એપ્રિલ દરમિયાન પ્રચાર પ્રવાસ શરૂ કરશે

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં એટલે કે 7 મેના રોજ મતદાન યોજાશે. 5 મેના રોજ પ્રચારના પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપના નેતાઓ નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે. જાણવા મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.27થી 29 એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલની એક સંયુક્ત સભા યોજશે. અમિત શાહે બારડોલીથી પોતાનો પ્રચાર પ્રવાસ શરૂ કર્યો છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અમિત શાહની સભાઓ ગોઠવાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના સ્થાપના દિને બનાસકાંઠાથી પ્રચાર પ્રવાસનો આરંભ કરવાના છે...



NEWS FILE

## પત્રકારોના હિત માટે ગુજરાત મીડિયા ક્લબની મોટી જાહેરાત

GUJARAT MEDIA CLUB

અમદાવાદઃ ગુજરાતના પત્રકારોનું હિત ધરાવતી સંસ્થા ગુજરાત મીડિયા ક્લબે પત્રકારો અને તેમના પરિવાર માટે વેલ્ફેર ફંડની જાહેરાત કરી છે. 1 કરોડના 'વેલ્ફેર ફંડ'ની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. વેલ્ફેર ફંડની જોગવાઈ કરવા બોર્ડ દ્વારા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાત મીડિયા ક્લબે બુધવારે જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, GMCના પ્રમુખ નિર્ણય કપૂરે 1 કરોડના 'વેલ્ફેર ફંડ'ની દરખાસ્તને મંજૂરી આપી છે. જેનો ઉદ્દેશ્ય ક્લબના પત્રકાર અને તેમના પરિવારના સભ્યો માટે છે. આ બાબતે યોગ્ય વિચાર-વિમર્શ કર્યા બાદ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

## ગુજરાતના 114 ડેમોમાં 25%થી ઓછું પાણી, 15માં તળિયાઝટક

અમદાવાદઃ રાજ્યમાં અત્યાર સુધી 11.48 લાખ હેક્ટરમાં ઉનાળું વાવેતર થયું છે. ગયા વર્ષે ઉનાળામાં કુલ વાવેતર 11.56 લાખ હેક્ટરમાં વાવેતર હતું. 3.16 લાખ હેક્ટરમાં બાજરીનું વાવેતર છે જ્યારે 1.15 લાખ હેક્ટરમાં તલ, એક લાખ હેક્ટરમાં શાકભાજી તો 3.50 લાખ હેક્ટરમાં ઘાસચારો છે. બીજી તરફ, રાજ્યના જળાશયોમાં હાલની સ્થિતિએ 47% જળસંગ્રહ છે. ગત 23 માર્ચના રોજ આ આંકડો 58% હતો એટલે કે છેલ્લા 30 દિવસમાં રાજ્યના જળસંગ્રહમાં 11%નો ઘટાડો થયો છે. પીવાના પાણી માટે જીવાદોરી સરદાર સરોવરમાં 50% પાણીનો જથ્થો છે.

## અમદાવાદ આવ્યું વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું કાર્ગો પ્લેન




અમદાવાદઃ અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ અનેક વિદેશી એરલાઈન્સ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કારણ કે, અમદાવાદના એરપોર્ટની ઓપરેશનલ એફિશ્યન્સી ભારતના અન્ય એરપોર્ટની તુલનામાં વધુ છે. આ ઉપરાંત જે એરપોર્ટની ઓપરેશનલ એફિશ્યન્સી વધુ છે, ત્યાં ફ્લાઈટની અવર જવર એટલે કે એર ટ્રાફિક પણ વધુ પ્રમાણમાં રહેતો હોવાથી વિશ્વના મોટા મોટા પ્લેનના ઉતરાણ માટે અમદાવાદ એરપોર્ટની પસંદગી કરવામાં આવી રહી છે. અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિશ્વના બીજા નંબરનું સૌથી મોટું કાર્ગો પ્લેન AN-124 મહેમાન બન્યું હતું.

# વડોદરાના હરણી બોટકાંડ કેસમાં હાઈકોર્ટ લાલઘૂમ

## કોન્ટ્રાક્ટ આપનારા તમામને નોકરીમાંથી દૂર કરી દેવા જોઈએ

■ વડોદરા

18 જાન્યુઆરીએ હરણી લેકઝોનમાં 12 બાળક સહિત 14 લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના મામલે હાઈકોર્ટમાં સુઓમોટો સુનાવણી થઈ રહી છે. આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે વડોદરાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર સામે ખાતાકીય તપાસનો આદેશ આપ્યો છે. આ તપાસ IAS નિયમોના પરિપ્રેક્ષ્યમાં થશે. પહેલી વખત કોન્ટ્રેક્ટ નહોતો અપાયો તો બીજી વખત ફક્ત બે મહિનામાં લાયકાત કેવી રીતે આવી ગઈ? ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે સુઓ મોટો પિટિશન ઉપર આજે વધુ સુનવણી હાથ ધરાઈ હતી. ગત સુનવણીમાં કોર્ટે હરણી તળાવ રી-ડેવલોપમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાના તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવા જણાવ્યું હતું.



# ટૂંક સમયમાં અમદાવાદ અને સાળંગપુર હેલિકોપ્ટર રાઇડ શરૂ થશે

## હનુમાનજી મંદિર પરિસર નજીક 2 હેલિપેડ બનીને તૈયાર

■ અમદાવાદ

સાળંગપુરમાં વિરાજિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીના દર્શને આવતા ભક્તો માટે એક પછી એક હાઈટેક સુવિધા મંદિરના સંતો દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે આગામી લોકસભા ચૂંટણી પછી આખા ગુજરાતના યાત્રાધામમાં પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર માટે અમદાવાદથી ડેઈલી હેલિકોપ્ટર રાઈડ શરૂ કરાશે. આ માટે મંદિર પરિસરથી થોડેક દૂર બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે. આ અમદાવાદ-સાળંગપુર હેલિકોપ્ટર રાઈડ અંગે મંદિરના કોઠારી વિવેકસાગરદાસ સ્વામીએ ખાસ માહિતી શેર કરી હતી. ગુજરાતના કોઈપણ યાત્રાધામે જવા માટે અમદાવાદ બેઝ્ડ એરોટ્રાન્સ કંપની દ્વારા હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવશે. જેમાં લોકો અંબાજી, શ્રીનાથજી, પાલિતાણા, સારંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તલગાજરડા હેલિકોપ્ટરમાં જઈ શકશે. જેમાં અમદાવાદથી સાળંગપુરની 6 સીટવાળા Bell 407 હેલિકોપ્ટરમાં ટિકિટ 1 લાખ 85 હજાર છે.

### મંદિર પરિસરની નજીક બે હેલિપેડ બનાવવામાં આવ્યા





સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગરદાસ સ્વામીએ જણાવ્યું કે, "આગામી લોકસભાની ચૂંટણી પછી થોડાક જ દિવસમાં અમદાવાદ-સાળંગપુરની ડેઈલી હેલિકોપ્ટરની રાઈડ શરૂ કરવામાં આવશે. આ માટે અત્યારે બની રહેલાં ગુજરાતના સૌથી મોટા 1 હજારથી વધુ રૂમવાળા ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન નજીક બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે."

લોકસભાની ચૂંટણીનો મહાસંગ્રામ

# આદિવાસી પ્રભુત્વ ધરાવતી વલસાડ સીટ પર ભાજપ-કોંગ્રેસનો મોટો દાવો

## કોંગ્રેસના ગઢમાં ભાજપની પાંચ જીત થઈ, શું આ વખતે કોંગ્રેસ તેના પર કોઈ કમાલ કરશે?

■ ગાંધીનગર

દક્ષિણ ગુજરાતનું છેલ્લું શહેર વલસાડ. અહીંથી મહારાષ્ટ્રની સરહદ શરૂ થાય છે. વલસાડ જિલ્લો તેની વલસાડી હાફૂસ અને ચીકુ, તિથલ દરિયા કિનારો, ડાંગની ઓર્ગેનિક ખેતી, સહકારી મંડળીઓ અને ઉમરગામના ફિલ્મી સ્ટુડિયોથી જાણીતો વિસ્તાર છે. વલસાડ એટલે સૌથી મોટી આદિવાસી વોટબેન્ક. એમાં પણ આદિવાસીની પેટા જ્ઞાતિ ધોડિયા પટેલ વધારે. આ વખતે વલસાડ બેઠક પરથી ભાજપે ધવલ પટેલને ટિકિટ આપી છે તો કોંગ્રેસે લડાયક આદિવાસી નેતા અનંત પટેલને મેદાનમાં ઉતાર્યા છે. વલસાડ સીટ પરથી કોંગ્રેસના નાનુભાઈ પટેલ પાંચ ટર્મ જીત્યા. 2019માં કોંગ્રેસમાંથી જીતુભાઈ ચૌધરી લડ્યા હતા પણ હાર્યા. પછી વિધાનસભા જીતીને સરકારમાં મંત્રી બન્યા.

વલસાડ લોકસભા બેઠકનું કોંગ્રેસ માટે આગવું મહત્વ છે. વલસાડના ધરમપુર પાસેની લાલ ડુંગરી મેદાન રાજકીય રીતે મહત્વું રહ્યું છે. લાલ ડુંગરી મેદાનને કોંગ્રેસ નસીબવંતુ માને છે. વાત છે 1980ની. જ્યારે ઈન્દિરા ગાંધી 1975ની કટોકટી બાદ ફરી રાજકીય રીતે સશક્ત બનતાં હતાં. 1980ની વચગાળાની ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીને પોતાને ફરીથી તાકાતવાર નેતા તરીકે પ્રસ્થાપિત થવા માટે યોગ્ય સ્થળની આવશ્યકતા હતી. આ સમયે કોગ્રેસે અને ઈન્દિરા ગાંધીએ 1980ની વચગાળાની ચૂંટણીના પ્રચાર અભિયાનનો આરંભ લાલ ડુંગરી મેદાનથી કર્યો હતો. 1980માં ઈન્દિરા ગાંધીએ વિજય પ્રાપ્ત કરી ફરીથી સત્તા હાંસલ કરીને વિપક્ષોને ખામોશ કર્યા હતા.

### 1957થી વલસાડ લોકસભા બેઠક અલગ થઈ

ભારતની પહેલી લોકસભાની ચૂંટણી 1951માં થઈ ત્યારે વલસાડ બેઠક નહોતી પણ આ વિસ્તારનો અમુક ભાગ સુરત બેઠકમાં આવતો. 1957માં વલસાડ બેઠક અલગ થઈ ત્યારે પ્રજા સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ટક્કર હતી. જેમાં કોંગ્રેસના નાનુભાઈ પટેલ 1957થી 1971 ચાર ટર્મ જીત્યા અને પછી તે 1977ની ચૂંટણી ભારતીય લોકદળમાંથી લડીને જીત્યા. આ રીતે આ સીટ પરથી નાનુભાઈ પટેલ પાંચ ટર્મ સાંસદ રહ્યા.

### આ સીટ પર ભાજપને પાંચ જીત મળી છે

વલસાડ સીટ પર 1996માં ભાજપને પહેલી જીત મળી. મણિભાઈ ચૌધરી ત્રણ વખત ભાજપમાંથી જીત્યા. પછી 2004ની ચૂંટણીમાં ફરી વલસાડ સીટ કોંગ્રેસ પાસે ગઈ. 2009માં પણ કોંગ્રેસનો વિજય થયો. કોંગ્રેસમાંથી બે વાર કિશન પટેલ જીત્યા. એ પછી 2014 અને 2019માં મોદી લહેરના કારણે વલસાડ બેઠક પર ભાજપની જીત થઈ. ભાજપના ઉમેદવાર કે.સી.પટેલ વિજયી બન્યા. 1996થી અત્યાર સુધી કોંગ્રેસના ગઢ સમાન સીટમાં ભાજપને પાંચ જીત મળી છે.

### વલસાડનો ગઢ જીતે, એની કેન્દ્રમાં સરકાર

રાજ્યના છેવાડે આવેલી વલસાડ લોકસભા બેઠક અનુસૂચિત જનજાતિ (ST) ઉમેદવાર માટે અનામત બેઠક છે. લોકસભા ચૂંટણીમાં સમગ્ર દેશની નજર વલસાડ લોકસભા બેઠક પર હોય છે. એવી માન્યતા રહી છે, વલસાડ બેઠક જે જીતે તેની કેન્દ્રમાં સરકાર બને છે. વલસાડ બેઠકના પરિણામ પર કેન્દ્રિય સરકાર રચાય છે એનો આધાર પણ છે. વર્ષ 2004 અને 2009ની લોકસભા ચૂંટણી કોંગ્રેસના કિશન પટેલે જીતી હતી અને કેન્દ્રમાં UPAની સરકાર બની હતી. તો 2014 અને 2019ની બંને લોકસભા ચૂંટણીમાં ભાજપના કે. સી. પટેલ વિજેતા બન્યા હતા અને કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વનાં NDAની સરકાર રચાઈ છે.

### 7 વિધાનસભા સીટમાંથી એક કોંગ્રેસ પાસે

વલસાડ લોકસભા સીટ હેઠળ 7 વિધાનસભા વિસ્તાર આવે છે. ડાંગ, વાંસદા, ધરમપુર, વલસાડ, પારડી, કપરાડા અને ઉમરગામ. 2022ની વિધાનસભા ચૂંટણીમાં વલસાડ લોકસભા મતક્ષેત્રની સાત પૈકી છ બેઠકો પર ભાજપે વિજય હાંસલ કર્યો છે, જ્યારે વાંસદા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના આદિવાસી આગેવાન અનંત પટેલ વિજયી બન્યા હતા. આ જ અનંત પટેલને કોંગ્રેસે ટિકિટ આપી છે. રાજ્યના સૌથી પછાત તાલુકામાં આ વિસ્તારના કપરાડાનો સમાવેશ થાય છે. 2022ની ચૂંટણીમાં ભાજપને કુલ 6.90 લાખ મત મળ્યા હતા તો કોંગ્રેસને 3.50 લાખ અને આમ આદમી પાર્ટીને 2.62 લાખ મત મળ્યા હતા.



### સૌથી વધારે મતદાર ધોડિયા પટેલ, બીજા ક્રમે કુકણા

વલસાડ લોકસભા બેઠક સંપૂર્ણ આદિવાસી વિસ્તાર છે. આદિવાસીઓમાં જે પેટા જ્ઞાતિઓ છે તેમાં આ વિસ્તારમાં સૌથી વધારે ધોડિયા પટેલ, કુકણા, વારલી,નાયકા અને ભીલના વસ્તી વધારે છે. મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો 18.54 લાખ મતદારોમાંથી ધોડિયા પટેલ 4.06 લાખ, કુકણા 3 લાખ, વારલી 2.58 લાખ અને અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

### છેલ્લી બે ચૂંટણીમાં 70 ટકાથી વધુ મતદાન થયું

વલસાડ બેઠક પર નોંધપાત્ર રીતે મતદાન વધ્યું છે. 2009ની ચૂંટણીની વાત કરીએ તો વલસાડ સીટ પર સરેરાશ 56 ટકા મતદાન થયું હતું તો 2014માં 74 ટકા અને 2019માં 75 ટકા મતદાન થયું હતું. ખાસ નોંધપાત્ર વાત એ છે કે આદિવાસી વિસ્તારોમાં મહિલાઓ બમ્પર મતદાન કરે છે. 2019માં 76 ટકા પુરુષોની સામે 75 ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું.

## NEWS FILE

### સૌરાષ્ટ્ર યુનિ.ની શિપ્રા કોલેજમાં જૂના કોર્સનુ પેપર આપી દેવાયું



રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ગોટાળા સામે આવ્યા છે. જેમાં અમુક વિદ્યાર્થીઓની હોલ ટિકિટ બબ્બે વખત જનરેટ કરવામાં આવી હતી. જસાણી કોલેજમાં છેલ્લી ઘડીએ વધુ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવ્યા હતા તો શિપ્રા કોલેજમા એક્સટર્નલ ના વિદ્યાર્થીઓને જુના કોર્સ નું પેપર આપી દેવાયાનું સામે આવ્યું છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરના રતનપર કોલેજનું કેન્દ્ર છેલ્લી ઘડીએ બદલાઈ ગયાનું સામે આવ્યા બાદ બારકોડ વિના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી પડી હતી. મળતી માહિતી મુજબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન જસાણી કોલેજમા 450 વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની હતી .

### રાજકોટ રેલવેની કુલ આવકમાં 11.28% જેટલો તોતિંગ વધારો

રાજકોટઃ પશ્ચિમ રેલવે હેઠળ અનેક ડિવિઝન આવેલા છે. જોકે તેમાં રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દૃષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. ત્યારે દર વર્ષની જેમ આ વખતે પણ રાજકોટ ડિવિઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનની કુલ આવકમાં પણ 11.28% જેટલો તોતિંગ વધારો થયો છે. જેને લઈને ડીઆરએમ દ્વારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેની નિષ્ઠાપૂર્વકની કામગીરી બદલ અભિનંદન આપ્યા છે.

### બિનહરીફ ચૂંટણીઓની પરંપરા શરૂ થશે ત્યારે દેશમાં હાહાકાર




રાજકોટઃ આગામી લોકસભા ચૂંટણીને લઈને હાલ ભાજપ તેમજ કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત કોંગ્રેસના લોકસભા ચૂંટણીના ઉમેદવાર પરેશ ધાનાણીની આગેવાનીમાં સોરઠિયા વે બ્રિજ ખાતેથી સ્કૂટર રેલી યોજવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ તકે ધાનાણીએ સુરતની ઘટનાને વખોડતા જણાવ્યું હતું કે, જ્યારે આવી બિનહરીફ ચૂંટણીઓની પરંપરા શરૂ થશે ત્યારે દેશમાં હાહાકાર મચી જશે, આ બંધારણ માટે ખતરો છે. રાજકોટમાં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

# જામનગરમાં 2024ની લોકસભા ચૂંટણીનું મહાયુદ્ધ

## 19 વર્ષમાં પુરૂષ કરતા મહિલા મતદાનમાં 2.18% નો વધારો

■ જામનગર

જામનગર બેઠક પર લોકસભા ચૂંટણીમાં પુરૂષ કરતા મહિલા મતદાનમાં અવ્વલ રહી છે. કારણ કે, જામનગર બેઠક પર 19 વર્ષમાં લોકસભા ચૂંટણીમાં પુરૂષ કરતા મહિલાઓના મતદાનમાં સરેરાશ 2.18 ટકાનો વધારો થયો છે. વર્ષ 2004 થી 2019 સુધીમાં ચાર લોકસભા ચૂંટણીમાં પુરૂષ કરતા મહીલાઓની સરેરાશ મતદાનની ટકાવારી ઉતરોતર વધી છે. મતદાનમાં વધારા માટે મહિલાઓમાં શિક્ષણનું વધેલું પ્રમાણ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સતત મતદાર યાદી સુધારણા, ખાસ ઝુંબેશ અને જાગૃતિ કાર્યક્રમ કારણભૂત હોવાનું રાજકીય તજજ્ઞોએ જણાવ્યું છે. જામનગરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લાં થોડા વર્ષોથી આખું વર્ષ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચલાવામાં આવે છે. ઉપરાંત ખાસ ઝુંબેશ અને ચૂંટણી સમયે જાગૃતિ કાર્યક્રમ પણ કરવામાં આવે છે.



# સુરતમાં 'નિલેશ કુંભાણી વોન્ટેડ'નાં પોસ્ટર્સ લાગ્યાં

« કોંગ્રેસ-AAPએ સાથે મળી પોસ્ટર લગાવ્યાં

## ભાજપે 15 કરોડમાં ખરીદ્યા, ગોવામાં જલસા કરે છે: AAP

■ સુરત

કોંગ્રેસ દ્વારા સુરત લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે નિલેશ કુંભાણીની પસંદગી કરવામાં આવી હતી. ત્યાર બાદ નિલેશ કુંભાણીએ જે રીતે પોતાનું ઉમેદવારીપત્ર રદ થાય એ માટે ષડ્યંત્ર રચ્યું હોવાનું કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો. જોકે ફોર્મ રદ થતાં સુરત લોકસભા બેઠક પર BJPને બિનહરીફ જાહેર કરી દેવામાં આવી હતી, આથી કોંગ્રેસમાં પણ આને લઈને ખૂબ જ રોષ જોવા મળી રહ્યો છે. હવે સુરતમાં 'નિલેશ કુંભાણી વોન્ટેડ'નાં પોસ્ટર લાગ્યાં હતાં. આમ આદમી પાર્ટીના નેતા દિનેશ કાછડિયાએ જણાવ્યું હતું કે ભાજપે નિલેશ કુંભાણી, ત્રણેય ટેકેદાર અને ડમી ઉમેદવારને ખરીદી લીધા છે. આ માટે તેમને 15 કરોડ જેવી રકમ ચૂકવવી પડી છે. દિનેશ કાછડિયાએ જણાવ્યું કે મને દુઃખ એક જ વાતનું છે કે આજે દેશભરના લોકો જ્યારે પોતાના મતાધિકારનો લોકસભાની ચૂંટણીમાં ઉપયોગ કરવાના હતા, કોઈ તેમના મત અધિકારનો હક છીનવી શકે નહીં.

### હત્યારો અને ગદ્દારનાં બેનર લાગ્યાં



આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ગઈકાલે નિલેશ કુંભાણીના ઘરે જઈને કોંગ્રેસના ત્રણ-ચાર કાર્યકર્તા દ્વારા ઘરની બહાર પોસ્ટર ચોંટાડીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, પરંતુ આજે આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડિયા હીરાબાગ સર્કલ પાસે બ્રિજ ઉપર જઈને નિલેશ કુંભાણી સામે રોષ વ્યક્ત કરતાં બેનર લગાવ્યાં હતાં, જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે કે 'લોકતંત્રનો હત્યારો- ગદ્દાર.' નિલેશ કુંભાણીએ સુરત લોકસભા મતવિસ્તારના 19 લાખ મતદારોનો હક છીનવી લીધો છે. નિલેશ કુંભાણી જ્યાં પણ દેખાય ત્યાં તેને સબક શિખવાડવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે 7 મેએ દેશભરમાં લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા હશે અને સુરતીઓ માત્ર ટીવી પર એને જોતા રહેશે. આ ચાર લોકોને કોઈનો મતનો અધિકાર છીનવવાનો હક નથી.

# ઈશ્વરનું ધારેલું જ થાય છે તો આટલો સંતાપ શાના માટે?



## ઋણાનુબંધ

ભાવના પટેલ

ફરિયાદ કરી તો માત્ર એક શંભુ પાસે. એમની પાસે તો હક કરી જ શકાય ને વળી. જગતપિતા કંઈ એમ જ થોડું બનાય. પોતાના બાળક ફરિયાદ કરે તો એને સાંભળવી તો પડે જ ને.

શાન્તામાસી સાથે જઈને થોડું પેટમાં નાખી લીધું. માસી થોડી માથાકૂટ કરીને સુવાની વ્યવસ્થા કરી આવ્યા. હવે રાહ જોવાની હતી માત્ર રાત પડવાની, સત્સંગ ચાલુ થવાની ને પછી મા આનંદમયીને મળવાની.

જ્યારે કોઈને મળવાની ઘડી જેમ-જેમ નજીક આવતી જાય છે, તેમ-તેમ સમય લાંબો થતો જતો દેખાય છે. આપણે જ્યારે લાંબા સમયથી કોઈની રાહ જોઈ રહ્યા હોઈએ ત્યારે છેલ્લે-છલ્લે તો એકેક સેકન્ડ એકેક યુગ જેવી લાંબી લાગતી હોય છે.

'ચાલો ને માસી આપણે વહેલા જતા રહીએ, નહીં તો પાછળ વારો આવશે.' તુલસીએ કહ્યું.

'દીકરી ભજન નવ વાગે ચાલુ થવાના છે. હજી તો આઠેય નથ થ્યાં. અટાણમાં ન્યાં જઈને હું કરશું?'

'અહીં બેઠા છીએ એવા ત્યાં બેસશું. અહીં આપણે બીજું કંઈ કામ તો છે નહીં. ચાલોને માસી.' તુલસીએ આજીજીભરી રીતે કહ્યું.

'વાત તો તારી હાચી. આંયા બેહવું ને ન્યાં બેહવું હરખું જ છે ને હાલ તંયે.' શાન્તામાસી સંમત થતા બોલ્યાં.

તુલસીએ હાથ આપીને એમને ઉભા કર્યા. બંને બહાર ચોકમાં આવ્યા. થોડા લોકો છૂટા-છવાયા બેઠા હતા. ભજનમંડળીવાળા પોતાના સાધનો ગોઠવી રહ્યા હતા. હાર્મોનિયમ,તબલાવાળા પોતાના વાજિંત્રોના સૂરને મેળવી રહ્યા હતા.

તુલસી આ બધાને જોઈ રહી તુલસીથી થોડે જ દૂર એક નાની બાળકી દોડાદોડી કરી રહી હતી. એની માની પાસે આવીને કાનમાં કંઈક કહી જતી હતી ને પાછી રમવા લાગતી હતી. શુભાની જ ઉંમરની એ બાળકીને જોઈને તુલસીને શુભા તીવ્રપણે યાદ આવી ગઈ. આમ તો એ એક ક્ષણ પણ તેને ભૂલી જ ક્યાં હતી.

શુભાનુ નમણું મોં એની નજર સમક્ષ આવતું હતું ને કાનમાં એના શબ્દોમાં મા-મા ના ભણકારા એને સંભળાતા હતા.

હજુ તો હમણાં જ આ હાથોથી શુભાને પરી બનાવી હતી. આ હાથોથી જ શુભાને ઘસી-ઘસીને નવડાવી હતી, કેટલી સુંદર તૈયાર કરી હતી. કાજલનું ટપકુંયે કરી દીધેલું. શુભાને લગાવેલા પોન્ડ્સ પાવડરની મહેક એના ખભા પરથી હજુએ ગઈ નહોતી.

આ હાથોમાં હજુયે એનો સ્પર્શ ધબકતો હતો. એના હોઠ પર શુભાના ગાલની મીઠાશ હજુયે અનુભવાતી હતી. કેટલી જાળવીને, એની લગાવેલી પાંખોને સ્હેજ પણ નુકસાન ન થાય એની કાળજી લઈને શુભાને રિક્ષામાં બેસાડી હતી.

બસ, એ છેલ્લું દર્શન હતું શુભાનું. શુભાના વિચારે તુલસી બેચેન થઈ ઉઠી. એની નજર સમક્ષ એ સમય તાદ્રશ્ય થઈ ગયો ને ધીમે-ધીમે એ ભૂતકાળમાં સરી ગઈ.

'અરે! બિટીયા આજે તો પરી લાગે છે ને કાંઈ!' રિક્ષાવાળા દીપકભાઈએ કહ્યું.

'અંકલ, આજે હું પરી લાગતી નથી, પરી છું જ. આજે શાળામાં મારે પરી બનવાનું છે. એટલે તો જુઓ આ બધું પહેર્યું છે.' શુભાએ આમ કહીને પોતાના હાથમાં રહેલી છડી ને પોતે લગાવેલી પાંખો દેખાડી, ને ફરી બોલી 'તમે સરખી ગાડી ચલાવજો હો, મારી પાંખો તૂટી ના જાય.'

'બિલકુલ રાની બિટીયા બિલકુલ, પરીની પાંખોને તૂટવા નહીં દઉં હો.' દીપકભાઈએ કીધું કહ્યું.



તુલસીએ જાળવીને એની પાંખોને સ્હેજ પણ નુકસાન ન થાય એ રીતે શુભાને રિક્ષામાં બેસાડી. ગાલ પર પપ્પી કરીને આવજો કહ્યું. શુભાએ પણ હસીને આવજો કહેલું.

'શુભા બેટા તું ક્યાં ચાલી ગઈ છો? માને મૂકીને ચાલી ગઈ? તારી મા કેમ કરીને જીવશે? તને તારી મા યાદ નથી આવતી? મા....મા.... તુયે મને ભૂલી ગઈ? મને તારી પાસે આવવું છે મા, તારા ખોળામાં માથું મૂકીને સૂઈ જવું છે. શુભા જોજે હો તારી પાંખો તૂટી ના જાય, સાચવીને જજે હો મારી દીકરી. શુભા આવજે, બેટા આવજે.'

તુલસી એ બાળકી સામે જોતી-જોતી અસંબધ્ધ બસ બોલ્યે જતી હતી. એટલી બધી શુભામય બની ગઈ હતી કે, આસપાસનું કશું જ ભાન નહોતું રહ્યું. વળી, એટલી મોટેમોટેથી બોલતી હતી કે, મા આનંદમયીનું ધ્યાન પણ તુલસી તરફ અનાયાસ ખેંચાયેલું.

શાન્તામાસીએ તુલસીને હડબડાવી અને બોલ્યા 'હાઉ કર દીકરી હવે આટલો બધો સંતાપ મગજમાં ના ભરી રાખીયે. મગજમેટ થઈ જવાય. ઢગલો ડાપણ ભયરું છે તારામાં તો, હવે જાજુ હું કઉ તને. હંધુયે ભૂલી જા, બસ મહાદેવને યાદ કર. જો હંધાય તારી હામુ જ જુએ છે.'

તુલસીને એકદમ જ ભાન થયું કે એ અત્યારે ગિરનારની પરિક્રમા કરવા નીકળી છે. મા આનંદમયીને મળવા નીકળી છે.

એ વિચાર સાથે જ તેણે શાન્તામાસીને પૂછ્યું 'માસી, મા આનંદમયી આવી ગયા?'

' તી હામે બીજુ કોણ બેઠું છે? જો.' તુલસીએ માસીએ કહ્યું એ દિશામાં નજર કરી.મા આનંદમયી પણ એની સામે જ જોઈ રહ્યા હતા. તુલસી પણ એમને નિહાળી રહી.

સફેદ વસ્ત્રો, ગળામાં રુદ્રાક્ષની લાંબી માળા, બંને હાથના કાંડા પર પણ રુદ્રાક્ષની માળા, કપાળમાં ચંદનનો ચાંદલો ,શાંત મુખમુદ્રા, તેજસ્વી લલાટ, જીવ માત્ર માટે દયાથી ભરપૂર આંખો. એમને જોઈને જ હાથ જોડીને પ્રણામ કરવાનું મન થાય તેવું પવિત્ર વ્યક્તિત્વ.

તુલસીની સામે એ કેટલીયે વાર સુધી જોઈ રહ્યા. પછી હળવું સ્મિત આપીને પોતાનું પ્રવચન ચાલુ કર્યું. પ્રવચનમાં પણ એમણે એ જ વિષય લીધો કે, જ્યારે બધું ઈશ્વરનું ધારેલું જ થાય છે તો આટલો સંતાપ શાના માટે? આપણું કશું અહીં છે જ નહીં તો આટલો ઉત્પાત શાના માટે?

ક્રમશઃ વધુ આવતા અંકે...

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ (અ, લ, ઈ)

પારિવારિક વ્યવસ્થા સંબંધિત યોજનાઓ અંગે કેટલીક મહત્વપૂર્ણ નીતિઓ બનાવવામાં આવશે અને તમારા દ્વારા લેવામાં આવેલા નિર્ણયો પણ સર્વોચ્ચ મહત્વના રહેશે. કામમાં વ્યસ્ત રહેવા ઉપરાંત પરિવાર અને મિત્રો સાથે આનંદ અને મનોરંજન માટે પણ સમય મળશે. તમારા ગુસ્સા અને ઉતાવળ જેવા સ્વભાવ પર નિયંત્રણ રાખો.

### વૃષભ (બ.વ.ઉ)

કોઈપણ કાર્ય કરતા પહેલા તેની સાથે જોડાયેલી યોગ્ય માહિતી મેળવી લેવાથી તમને યોગ્ય પરિણામ મળશે. જો કોઈ નજીકના સંબંધી સાથે કોઈ વિવાદ ચાલી રહ્યો હોય, તો તેને સકારાત્મક રીતે ઉકેલવાથી ચોક્કસપણે સફળતા મળશે અને તમારું સન્માન પણ મળશે. ઘરમાં બાળકોની કંપની અને તેમની ગતિવિધિઓ પર પણ નજર રાખવી જરૂરી છે.

### મિથુન (ક.છ.ઘ)

કોઈ પ્રિય મિત્ર અથવા સંબંધી સાથે વાતચીત કરવાથી કોઈપણ ચિંતાનું સમાધાન મળશે અને તમે તણાવથી મુક્ત રહેશો અને તમારી ઉર્જા અને ઉત્સાહને સકારાત્મક દિશામાં લઈ શકશો. જો તમે પરિવાર સાથે સંબંધિત કોઈ નિર્ણય લેવા જઈ રહ્યા છો, વિવાદમાં ન પડો. તમારો કોઈ નજીકનો સંબંધી જ તમારા વિરુદ્ધ અફવા ફેલાવી શકે છે.

### કર્ક (ડ.હ)

તમારી પાસે લાંબા સમયથી વધારાની જવાબદારીઓ હતી. તમારી પસંદગી મુજબ પ્રવૃત્તિઓ કરવામાં થોડો સમય પસાર કરો. આ સમયે તમારી નાણાકીય બાબતો પર ધ્યાન આપવું તમારા ભવિષ્ય માટે ખૂબ જ ફાયદાકારક રહેશે. જ્યારે નકારાત્મક પરિસ્થિતિઓ ઊભી થાય ત્યારે તમારો ગુસ્સો ન ગુમાવો અને ધીરજ રાખો.

### સિંહ (મ.ટ)

અન્ય પ્રવૃત્તિઓની સાથે તમારા સ્વ-સુધારણા માટે ચોક્કસ સમય આપો. તેનાથી મનોબળ વધશે અને તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન આવશે. તમારા દરેક કાર્યને સમજી વિચારીને અને શાંતિથી પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. પરિવારના અપરિણીત સભ્યના લગ્ન અંગે યોગ્ય પ્રસ્તાવ પણ આવી શકે છે. પ્રેક્ટિકલ બનવું પણ જરૂરી છે.

### કન્યા (પ.ઠ.ણ)

લાગણીઓમાં વહી જવાને બદલે, સંજોગોને તમારા પક્ષમાં ફેરવવા માટે સમજદારી અને ચતુરાઈનો ઉપયોગ કરવો ફાયદાકારક રહેશે. નસીબ કરતાં કર્મમાં વિશ્વાસ રાખો. કાર્યોથી ભાગ્ય પણ મજબૂત થશે..બહારના વ્યક્તિની દખલગીરીને કારણે પારિવારિક સંબંધોમાં ખટાશ આવી શકે છે. બાળકો સાથે પણ થોડો સમય પસાર કરવો જરૂરી છે.

### તુલા (ર.ત)

તમારા પર અનેક પ્રકારની જવાબદારીઓ આવશે અને તમે તેને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરશો. બાળકો તરફથી કોઈ સારા સમાચાર મળવાથી પણ ઘણી રાહત થશે. આવકના કોઈ અટકેલા સ્ત્રોત ફરી શરૂ થઈ શકે છે. આ સમયે ભવિષ્યની ચિંતાઓને બાજુ પર રાખો અને વર્તમાન પ્રવૃત્તિઓ પર જ ધ્યાન આપો. કોઈપણ રીતે બેદરકાર ન રહો.

### વૃશ્ચિક (ન.ય)

ભાવુકતાને બદલે કુનેહ અને સમજદારીથી કામ લો. આનાથી તમે કોઈપણ સમસ્યાને શ્રેષ્ઠ રીતે ઉકેલી શકશો. બાળકના હાસ્ય સંબંધી સારા સમાચાર મળવાથી પરિવારમાં ઉત્સવનું વાતાવરણ રહેશે. ધાર્મિક પ્રસંગો પણ શક્ય છે.કારણ કે વધુ પડતી વ્યસ્તતાને કારણે તમે તમારા અંગત અને પારિવારિક કામમાં વધુ ધ્યાન આપી શકશો નહીં.

### ધન (ભ.ફ.ધ.ઢ)

દિવસનો મોટાભાગનો સમય પારિવારિક અને સામાજિક કાર્યોમાં પસાર થશે. તમે તમારા સાસરિયાના કોઈપણ સભ્યની સમસ્યાઓના નિરાકરણમાં યોગ્ય યોગદાન આપશો. તમારા સંબંધો પણ વધુ સુધરશે. અંગત બાબતોને લઈને કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઊભી થઈ શકે છે. તેથી, અન્યની બાબતોમાં દખલ ન કરવી તે વધુ સારું છે.

### મકર (ખ.જ)

તમે દિલને બદલે મનથી નિર્ણયો લેવાના પરિણામે ઘણી યોજનાઓ અમલમાં આવશે. બધી વ્યસ્તતા હોવા છતાં, તમે તમારા અને તમારા પરિવાર માટે સમય કાઢશો. તમારી કાર્ય ક્ષમતા પર પૂર્ણ વિશ્વાસ રાખો. તમારા અંગત કામમાં જ ધ્યાન રાખો અને વધારે બોલવાનું ટાળો. તેમજ લાભ મેળવવા માટે કોઈ ખોટો રસ્તો ન અપનાવો.

### કુંભ (ગ.સ.શ.ષ)

લાગણીઓને બદલે મનનો ઉપયોગ કરીને નિર્ણય લેવાનો આ સમય છે. આજે કોઈ મહત્વપૂર્ણ સિદ્ધિ તમારા હાથમાં આવી શકે છે. નજીકના સંબંધીઓ સાથે મિલકત સંબંધી ગંભીર અને લાભદાયી ચર્ચા થશે. ઘરમાં કોઈ ધાર્મિક પ્રસંગ સાથે જોડાયેલી યોજના બનશે. સારું પ્રદર્શન કરશો. કોઈની સાથે વધારે વિવાદમાં ન પડો.

### મીન (દ.ચ.ઝ.થ)

અગાઉની કોઈપણ યોજનાને અમલમાં મૂકવા માટે આ યોગ્ય સમય છે. પૈસા સંબંધિત મામલાઓમાં પણ કામ તમારી ઈચ્છા મુજબ પૂર્ણ થશે. ઘરમાં વડીલોનો પ્રેમ અને આશીર્વાદ રહેશે. વિદેશ જવાનો પ્રયાસ કરી રહેલા લોકોને આજે કોઈ સારા સમાચાર મળવાના છે. તમારી ક્ષમતાઓ અને ઊર્જાને ઓળખો અને પોતાને સુધારવાનો પ્રયાસ કરો.



# બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનનું વધુ એક સન્માન કરાયું

### લતા દીદીના બહેનના હસ્તે લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ આપવામાં આવ્યો

■ નવી દિલ્લી

બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને દીનાનાથ મંગેશકર નાટ્યગૃહ ખાતે આયોજિત કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પુરસ્કાર તેમને 24 એપ્રિલના રોજ આપવામાં આવ્યો હતો. લતા મંગેશકરની બહેન ઉષા મંગેશકરે અમિતાભને પોતાના હાથે એવોર્ડ આપ્યો હતો. બિગ બીને સંગીત, કલા, સંસ્કૃતિ અને સામાજિક કાર્યમાં તેમના અજોડ યોગદાન માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. બિગ બી સાથે સ્ટેજ પર શિવાંગી કોલ્હાપુરે, રણદીપ હુડા, એઆર રહેમાન અને મહારાષ્ટ્ર ભૂષણ 2023 વિજેતા અશોક સરાફ જેવા ઘણા પ્રખ્યાત કલાકારો હતા. જેમણે રાષ્ટ્ર અને સમાજ માટે સારું કામ કર્યું હોય. લોકોના કલ્યાણ માટે કેટલાક અગ્રણી યોગદાન આપનાર લોકોને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આ સન્માન મેળવનાર સૌપ્રથમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હતા. આ વખતે અમિતાભ બચ્ચનને મળ્યો છે. આ ફંક્શનમાં અનેક સેલેબ્સ સામેલ થયા હતા.

# રાજકુમાર સંતોષીની પુત્રી તનીષા ડેબ્યુ કરશે બોલીવુડમાં

### રોમેન્ટિક કોમેડીથી ફિલ્મોમાં જોવા મળશે...

મુંબઇ : રાજકુમાર સંતોષીની પુત્રી તનિષાને નિર્માતા વિશાલ રાણા લોન્ચ કરવાનો છે. તનિષાની ઓપોઝિટ તે કોઇ ટોચના સ્ટારન સાઇન કરવા માટે વાતચીત ચાલી રહી છે. તનિષા પોતાની કારકિર્દીની શરૂઆત એક રોમેન્ટિક કોમેડી ફિલ્મથી કરવાની છે. જોકે રાજકુમાર સંતોષી આ બાબતે કોઇ સમર્થન આપ્યું નથી. તનિષા સંતોષી ગયા મહિન રણબીર કપૂર સાથે એક વિજ્ઞાપનમાં જોવા મળી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણે લખ્યુ હતું કે, છેલ્લા ૧૫ વરસથી હું તમને પસંદ કરું છું. મેં તમને પ્રથમ વખત ફિલ્મ અજબ પ્રેમ કી ગજબ કહાનીના સટ પર જોયા હતા. ત્યારથી તમારા અભિનયની દીવાની છું. આજે તમારી સાથે વિજ્ઞાપનમાં કામ કરીને મને સારું લાગી રહયું છે. જોકે તનિશાના પિતા રાજકુમાર સંતોષી હાલ પોતાની આગામી ફિલ્મ લાહોર ૧૯૪૭ને લઇને ચર્ચામાં છે આ ફિલ્મમાં સની દેઓલ અને પ્રીતિ ઝિન્ટા કામ કરી રહ્યા છે જેનું શૂટિંગ પ્રીતિ ઝિન્ટાએ શરૂ કરી દીધું છે.





# કિયારા સાલાર ટુમાં આઈટમ સોંગ કરી શકે

મુંબઇ : પ્રભાસની ફિલ્મ સાલાર બોક્સ ઓફિસ પર હિટ જતાં જ ફિલ્મસર્જકે સાલાર ટુની ઘોષણા કરી દીધી હતી. અભિનેતા પ્રભાસ આ ફિલ્મમાં ભરપુર એકશન દ્રશ્યો ભજવતો જોવા મળવાનો છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, કિયારા અડવાણી આ ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળશે. જોકે ફિલ્મસર્જકે આ બાબતે સમર્થન આપ્યું નથી. પ્રશાંત નીલ દિગ્દર્શિત ફિલ્મ સાલાર પાર્ટ ટુની તૈયારી થઇ રહી છે. ફિલ્મનો બીજો ભાગ આવતા વરસે રિલીઝ થવાનો છે. હવે આ ફિલ્મમાં કિયારા અડવાણી આઇટમ સોન્ગ કરતી જોવા મળશે. શૌર્યંગા પર્વ નામના ગીત પર કિયારા અડવાણી ઠુમકા લગાવતી જોવા મળશે. નિર્માતા વિજય કિરાગાંદુરે જણાવ્યું હતું કે, સાલાર ટુ ને ગેમ ઓફ થ્રોન્સના સમાન બનાવા માંહે છે. જેથી દર્શકોની આ ફિલ્મ માટે અપેક્ષા વધી જશે.


# અહાન શેટ્ટી અને તાન્યા શ્રોફ વચ્ચે પેચ અપ



### બંને લાંબા સમય બાદ સાથે સાથે જોવા મળતાં તેમના ફેન્સમાં ખુશીની લહેર

મુંબઈ: સુનિલ શેટ્ટીના પુત્ર અહાન શેટ્ટી તથા તાન્યા શ્રોફ વચ્ચે ફરી પેચ અપ થઈ ગયું હોવાનું મનાય છે. બંને તાજેતરમાં એક પાર્ટીમાં સાથે દેખાયાં હતાં. અહાન અને તાન્યા ૧૧ વર્ષની રિલેશનશિપ બાદ છૂટાં પડી ચૂક્યાં હોવાની ચર્ચા ગયા નવેમ્બર માસમાં ફેલાઈ હતી. પરંતુ, હવે મુંબઈમાં બંને એક સ્થળે પાર્ટી કરતાં સાથે દેખાયાં હતાં. જોકે, તેમણે પાપારાઝીઓને સજોડે પોઝ આપ્યો ન હતો. એક પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ પરિવારની દીકરી તાન્યા અને અહાન લાંબી રિલેશનશિપ બાદ ગમે ત્યારે પરણી જશે તેમ મનાતું હતું. ખુદ સુનિલ શેટ્ટીએ પણ તાન્યા તેમના પરિવારમાં કેવી રીતે ભળી ગઈ છે તેની વાત એકથી વધુ વખત કરી હતી. પરંતુ, તે પછી અચાનક જ તેમના બ્રેક અપના સમાચાર આવતાં ચાહકોને આઘાત લાગ્યો હતો.

# ડ્રીમ ગર્લ ૩ માટે સારા અલી ખાનનો સંપર્ક કર્યો



### અગાઉ ફિલ્મમાં નુસરત ભરૂચા અને અનન્યા પાંડે કામ કરી ચૂક્યા છે.

મુંબઇ : આયુષ્માન ખુરાનાની ડ્રીમ ગર્લ ૩ની તૈયારી થઇ રહી છે. આ ફિલ્મ માટે હવે સારા અલી ખાનનો સંપર્ક કર્યો હોવાનું જણાય છે. જોકે ફિલ્મસર્જકે આ બાબતે સમર્થન આપ્યું નથી. જો આમ થશે તો ડ્રીમ ગર્લ ટુમાં અભિનય કરનારી અનન્યા પાંડેનું ત્રીજી ફ્રેન્ચાઇજીમાંથી પત્તુ કપાઇ જશે. મૂળ ફિલ્મમાં નુસરત ભરુચા અને ડ્રીમ ગર્લ ટુમાં અનન્યા પાંડેએ અભિનય કર્યો હતો. પરંતુ ફિલ્મસર્જકે ડ્રીમ ગર્લ ૩ માટે નવો ચહેરો લેવાનો નિર્ણય કર્યો છે અને સારા અલી ખાનનું નામ ચર્ચામાં છે. સારા અલી ખાન અને આયુષ્માન ખુરાનાએ ડ્રીમ ગર્લના નિર્માતાઓ સાથે એક મીટિંગ કરી હતી. પાછલી બન્ને ફિલ્મો બોક્સ ઓફિસ પર હિટ ગઇ છે. ડ્રીમ ગર્લ અને ડ્રીમ ગર્લ ટુ બન્ને ફિલ્મો બોકસ ઓફિસ પર ટંકશાળ પાડી હોવાથી ડ્રીમગર્લ ૩ માટે નિર્માતાઓ કોઇ જોખમ ખેડવા તૈયાર નથી.

# ફિલ્મ 'છાવા'થી લીક થયો વિકી કૌશલનો લુક



### છત્રપતિ સંભાજી મહારાજના અવતારમાં નજરે પડશે બોલીવુડ અભિનેતા

નવી દિલ્લી: બોલિવૂડનો શાનદાર એક્ટર વિકી કૌશલ પોતાની એક્ટિંગથી હંમેશા ચાહકોને દિવાના કરી દે છે. વિકી કૌશલ માટે કોઈ પણ પાત્ર ભજવવું મુશ્કેલ નથી. એક્ટર પોતાને અલગ-અલગ પાત્રમાં ઢાળી દે છે. વિકી હાલમાં પોતાની નવી ફિલ્મ છાવાનું શૂટિંગ કરી રહ્યો છે. આ ફિલ્મમાં તે છત્રપતિ સંભાજી મહારાજના અવતારમાં નજર આવશે. હવે ફિલ્મના સેટ પરથી કેટલીક તસવીરો લીક થઈ ગઈ છે. આ તસવીરો લીક થતાંની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે. લીક થયેલી તસવીરમાં વિકી કૌશલ એકદમ નવા અવતારમાં નજર આવી રહ્યો છે. અભિનેતા છત્રપતિ સંભાજી મહારાજના અવતારમાં નજર આવી રહ્યો છે. આ તસવીરમાં તેને ઓળખવો મુશ્કેલ છે. આ તસવીરો X પર એક ફેન પેજ દ્વારા શેર કરવામાં આવી છે.




# યુસૈન બોલ્ટ ICC T-20 વર્લ્ડ કપનો બ્રાન્ડ એમ્બેસેડર

## કહ્યું- અમેરિકામાં ક્રિકેટ આવવું મોટી વાત છે, હું ચોક્કસપણે વેસ્ટ ઈન્ડિઝને સપોર્ટ કરીશ

■ ત્રિનિદાદ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ ઓલિમ્પિક લેજેન્ડ યુસૈન બોલ્ટને આગામી ICC મેન્સ T20 વર્લ્ડ કપ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કર્યો છે. T20 વર્લ્ડ જે 1 થી 30 જૂન 2024 દરમિયાન વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે. 11 વખતનો વર્લ્ડ ચેમ્પિયન બોલ્ટ જમૈકા, વેસ્ટ ઈન્ડિઝનો છે. તેણે 2017માં લંડન વર્લ્ડ ચેમ્પિયનશિપ બાદ નિવૃત્તિ લીધી હતી. તેણે તેની છેલ્લી ટુર્નામેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. બોલ્ટે કહ્યું, હું આગામી T20 વર્લ્ડ કપનો બ્રાન્ડ એમ્બેસેડર બનીને રોમાંચિત છું. રમત હંમેશા મારા હૃદયમાં એક વિશેષ સ્થાન ધરાવે છે, અને હું વિશ્વ કપમાં વેસ્ટ ઈન્ડિઝની મેચમાં હાજરી આપવા અને વિશ્વ સ્તરે ક્રિકેટના વિકાસમાં યોગદાન આપવા માટે ઉત્સુક છું. જ્યારે હું વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝને ચોક્કસપણે સમર્થન આપીશ, ત્યારે અમેરિકામાં રમત લાવવી એ ક્રિકેટ માટે મોટી વાત છે. આ વિશ્વનું સૌથી મોટું સ્પોર્ટ્સ માર્કેટ છે અને અમે T20 વર્લ્ડ કપ માટે શું કરીશું તે 2028માં LA ઓલિમ્પિક્સમાં ક્રિકેટને સામેલ કરવાની એક શ્રેષ્ઠ તક છે.

બોલ્ટે 100 મીટરની દોડ 9.58 સેકન્ડમાં અને 200 મીટરની દોડ 19.19 સેકન્ડમાં પૂરી કરી હતી. આ એક વર્લ્ડ રેકોર્ડ છે. બોલ્ટે 3 ઓલિમ્પિકમાં 8 ગોલ્ડ જીત્યા હતા. તેમાંથી 2 ગોલ્ડ 2008 બેઈજિંગ ઓલિમ્પિકમાં જીત્યા હતા, જ્યારે 2012 લંડન ઓલિમ્પિક અને 2016 રિયો ઓલિમ્પિકમાં 3-3 જીત્યા હતા. જમૈકામાં જન્મેલા બોલ્ટે તેનું બાળપણ તેના ભાઈ સાથે શેરીમાં ક્રિકેટ અને ફૂટબોલ રમતા વિતાવ્યું હતું.

# IPLની ગેરકાયદે સ્ટ્રીમિંગ મામલે અભિનેત્રીને સમન્સ

## તમન્ના ભાટિયા સંજય દત્ત બાદ બીજી સેલિબ્રિટી બની


■ નવી દિલ્લી

આઈપીએલ 2024ને લઈને ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. ક્રિકેટ ચાહકો પોતાની ફેવરિટ ટીમને સપોર્ટ કરી રહ્યા છે. આ દરમિયાન ઘણી વેબસાઈટ પર IPLના ગેરકાયદેસર સ્ટ્રીમિંગના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. તાજેતરમાં જ આ કેસમાં સંજય દત્તને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. હવે આ મામલે એક જાણીતી અભિનેત્રી તમન્ના ભાટિયાને સમન્સ મોકલવામાં આવ્યું છે.IPLના ગેરકાયદે સ્ટ્રીમિંગનો મામલો દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. હવે આ મામલે ફિલ્મ સ્ટાર્સનું નામ પણ જોડાઈ ગયું છે. IPLને લઈને ચાહકોમાં ભારે ક્રેઝ છે. લગભગ દરેક સિઝનને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. આવી સ્થિતિમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) ની પેટાકંપની વાયાકોમ 18 ને IPL 2023 ના ગેરકાયદેસર સ્ટ્રીમિંગને કારણે ભારે નુકસાન સહન કરવું પડ્યું હતું.



## NEWS FILE

### નોવાક જોકોવિચ લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર 2024





સ્પેનઃ વિશ્વના નંબર-1 ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચને વર્ષ 2024ના લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સમેનનો અવોર્ડ આપવામાં આવ્યો છે. જોકોવિચનો આ પાંચમો લોરેસ અવોર્ડ છે. 25મો લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ સમારોહ 22 એપ્રિલે મેડ્રિડ, સ્પેનમાં યોજાયો હતો. આ પુરસ્કાર છેલ્લા વર્ષની ઉપલબ્ધિઓ માટે આપવામાં આવે છે. આ મામલે તેણે પૂર્વ ટેનિસ ખેલાડી રોજર ફેડરરની બરાબરી કરી લીધી છે. આ બે ખેલાડીઓને લોરેયસ એવોર્ડના ઈતિહાસમાં સૌથી વધુ વખત સન્માનિત કરવામાં આવ્યા છે. જોકોવિચે ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપનમાં ટાઈટલ જીત્યા હતા.

### IPLમાં વિરાટ કોહલીનો ઈતિહાસ દુનિયાનો પ્રથમ ક્રિકેટર બન્યો

બેંગાલુરુઃ ગુરુવારે IPL 2024 ની 41મી હૈદરાબાદ સામેની મેચમાં આરસીબીએ 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 206 રન બનાવ્યા હતા. જ્યારે સનરાઈઝર્સ 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને માત્ર 171 રન જ બનાવી શકી હતી. કોહલીએ 43 બોલમાં 51 રનની શાનદાર ઈનિંગ રમી હતી. વિરાટ કોહલી અને રજત પાટીદારે જોરદાર બેટિંગ કરી હતી. બંનેએ ફિફ્ટી ફટકારી હતી. પરંતુ સૌથી રસપ્રદ વાત એ છે કે કોહલીએ ઓપનિંગ બેટ્સમેન તરીકે IPLમાં 4000 રન પૂરા કર્યા હતા. વિરાટ કોહલીએ IPLમાં 10મી વખત 400+ રન પૂરા કર્યા છે.

### દિલ્લીના રિષભ પંતે તોડ્યો વિરાટ કોહલીનો આ રેકોર્ડ




નવી દિલ્લીઃ દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન રિષભ પંત બુધવારે રાત્રે ગુજરાત ટાઈટન્સ સામે IPL 2024 ની 40મી મેચમાં ગજબના ફોર્મમાં જોવા મળ્યો. પંતે જીટી સામે જીતવા માટે ઈનિંગ રમતા 43 બોલ પર 5 ચોગ્ગા અને 8 સિક્સરની મદદથી 88 રન બનાવ્યાં. પંતે આ દરમિયાન ગુજરાતના ઝડપી બોલર મોહિત શર્માને આડે હાથ લીધો. તેણે જીટીના આ બોલરની એટલી ધોલાઈ કરી કે IPLના પંતે આ દરમિયાન આરસીબીના સ્ટાર બોલર વિરાટ કોહલીનો પણ રેકોર્ડ તોડ્યો. 11 વર્ષ બાદ રિષભ પંતે ઈતિહાસ રચતા વિરાટ કોહલીના આ રેકોર્ડને તોડી દીધો છે. રિષભ પંતે મોહિત શર્મા સામે આ મેચમાં 18 બોલ પર 62 રન કર્યાં.

# ડી ગુકેશ કેન્ડીડેટ્સ ચેસ ટુનામેન્ટ જીતનાર સૌથી યુવા ખેલાડી

## વિશ્વનાથન આનંદ પછી ટુર્નામેન્ટ જીતનાર બીજો ભારતીય બન્યો, ભારત માટે ગૌરવની ક્ષણ

■ નવી દિલ્લી

ભારતના 17 વર્ષના ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશે ટોરોન્ટોમાં કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો હતો. તે વિશ્વ ખિતાબ માટે પડકાર ફેંકનાર સૌથી યુવા ખેલાડી બની ગયો છે. વર્લ્ડ ચેમ્પિયન ટાઈટલ માટે તેનો મુકાબલો ચીનના ડીંગ લિરેન સામે થશે. ગુકેશ પહેલા 1984માં રશિયન ખેલાડી ગેરી કાસ્પારોવે 22 વર્ષની સૌથી નાની ઉંમરમાં આ ટુર્નામેન્ટ જીતી હતી. ગુકેશ આ વર્ષના અંતમાં વર્લ્ડ ચેમ્પિયન ટાઈટલ માટે ચીનના ડીંગ લિરેન સામે ટકરાશે. મેચ ક્યારે -ક્યાં રમાશે તેની જાહેરાત કરવામાં આવી નથી.



## ગુકેશને ટુનામેન્ટમાં 14માંથી 9 પોઈન્ટ મળ્યા

ગુકેશે ટુર્નામેન્ટમાં 14માંથી 9 પોઈન્ટ મેળવીને ટાઈટલ પર કબજો કર્યો હતો. તેણે ટુર્નામેન્ટની તેની છેલ્લી મેચમાં અમેરિકાના હિકારુ નાકામુરા સામે ડ્રો રમ્યો હતો. આ કારણે તેના માર્ક્સ 8.5 થી વધીને 9 થયા. તે જ સમયે, તેણે ફ્રાન્સની ફિરોઝા અલીરેઝાને હરાવીને તેના પોઈન્ટ વધારીને 8.5 કર્યા હતા. અલીરેઝાની હાર સાથે, ગુકેશે ટુર્નામેન્ટમાં નેપોમ્નિયાચી, નાકામુરા અને અમેરિકાના ફેબિયાનો કારુઆના પર અડધા પોઈન્ટની લીડ મેળવી લીધી. ગુકેશ આ ટુર્નામેન્ટ જીતનાર બીજો ભારતીય છે. તેની પહેલાં પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે 2014માં આ ટુર્નામેન્ટ જીતી હતી. ત્યારે તેમની ઉંમર 45 વર્ષની હતી.ગુકેશે વિજય બાદ કહ્યું, ‘હું ખૂબ જ ખુશ છું. હું તે ઉત્તેજક રમત જોઈ રહ્યો હતો (ફેબિયો કારુઆના અને ઈઓઆન નેપોમ્નિઆચી વચ્ચે), પછી હું મારા સાથીદાર (ગ્રિગોરી ગેજેવસ્કી) સાથે ફરવા ગયો, મને લાગે છે કે તેનાથી મદદ મળી.’

### ભગવાન-મંદિરોના નામે મત માંગવાનો આરોપ, 29 એપ્રિલે સુનાવણી થશે

# પ્રધાનમંત્રી મોદી પર 6 વર્ષ માટે ચૂંટણી પ્રતિબંધ લગાવવાની માગ કરાઈ

**નવી દિલ્લી:** વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર 6 વર્ષ માટે ચૂંટણી પ્રતિબંધ લગાવવાની માગ કરતી અરજી દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. કોર્ટ આ અરજી પર સોમવારે 29 એપ્રિલે સુનાવણી કરશે. અરજદાર એડવોકેટ આનંદ એસ. જોંધલેએ આરોપ લગાવ્યો છે કે પીએમ નરેન્દ્ર મોદીએ આચારસંહિતાનું ઉલ્લંઘન કર્યું છે.જોંધલેએ 15 એપ્રિલે પોતાની અરજીમાં કહ્યું હતું કે પીએમ મોદી ભગવાન અને મંદિરોના નામ પર લોકો પાસેથી વોટ માંગી રહ્યા છે. તેમણે કહ્યું- પીએમ, 9 એપ્રિલે યુપીના પીલીભીતમાં તેમના ભાષણ દરમિયાન હિંદુ દેવી-દેવતાઓ, શીખ દેવતાઓ અને તેમના પૂજા સ્થાનોના નામ પર વોટ માંગ્યા હતા. એડવોકેટ જોંધલેએ આ ભાષણને અરજીનો આધાર બનાવ્યો છે...



## પીએમની કેટલીક ટિપ્પણીઓ નફરત પેદા કરે છે : અરજદાર

જોંધલેના કહેવા પ્રમાણે મોદીએ કહ્યું કે તેમને રામ મંદિરનું નિર્માણ કરાવ્યું. કરતારપુર સાહિબ કોરિડોરનો વિકાસ થયો. PMએ કહ્યું કે તેમણે ગુરુદ્વારાઓમાં પીરસવામાં આવતા લંગરમાં વપરાતી વસ્તુઓ પરથી GST હટાવી દીધો. તેમજ અફઘાનિસ્તાનથી ગુરુ ગ્રંથ સાહિબની નકલો પરત લાવવામાં આવી હતી. અરજદાર જોંધલેએ જણાવ્યું હતું કે આચારસંહિતા હેઠળ, કોઈપણ પક્ષ અથવા ઉમેદવાર બે જાતિ અથવા સમુદાયો વચ્ચે તણાવ પેદા કરે તેવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થઈ શકે નહીં. તેમણે કહ્યું કે તેઓ મોદીની ફરિયાદ સાથે ચૂંટણી પંચમાં પણ ગયા હતા અને IPCની કલમ 153A (જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવી) હેઠળ કાર્યવાહીની માગ કરી હતી. તેમ છતાં પંચે કોઈ કાર્યવાહી કરી ન હતી.

## પીલીભીતમાં પીએમ મોદીના ભાષણના કેટલાક અંશો...

1 PM મોદીએ કહ્યું- 500 વર્ષની રાહ જોયા બાદ અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું. આ ભારતીય ગઠબંધન લોકોને રામ મંદિરના નિર્માણ પહેલા પણ નફરત હતી અને આજે પણ નફરત છે. તેમણે મંદિરનું નિર્માણ ન થાય તે માટે પૂરો પ્રયાસ કર્યો. મંદિરના લોકોએ તેને તેના તમામ પાપો માફ કરી દીધા અને તેને અભિષેક સમારોહમાં આમંત્રણ આપ્યું, પરંતુ તેણે અભિષેક માટેના આમંત્રણને નકારી કાઢ્યું.

2 મોદીએ કહ્યું- કોંગ્રેસ જેની સાથે સમાજવાદી પાર્ટી આજે ઉભી છે, તેણે 1984માં આપણા શીખ ભાઈ-બહેનો સાથે શું કર્યું તે કોઈ ભૂલી શકે નહીં. આ ભાજપ છે જે શીખોની સાથે પૂરી તાકાતથી ઉભી છે. અમને ગર્વની લાગણી થાય છે જ્યારે લાખો ભક્તો, જેમના હૃદયમાં દાયકાઓથી પીડા અને વેદના છે, કરતારપુર સાહિબ કોરિડોરથી કરતારપુર સાહિબ જાય છે અને નમન કરે છે. ભાજપે લંગર પરનો GST હટાવ્યો. અમે શ્રી હરમિન્દર સાહબ માટે FCRA નોંધણી સુનિશ્ચિત કરી, ચિલ્ડ્રન ડેની ઉજવણી કરીને સાહિબજાદાઓની બહાદુરીનું સન્માન કર્યું.

3 PMએ કહ્યું- કોંગ્રેસ દ્વારા બનાવવામાં આવેલ મેનિફેસ્ટો કોંગ્રેસનો નથી, તે મુસ્લિમ લીગના મેનિફેસ્ટો જેવો દેખાય છે. કોંગ્રેસ અને સપા CAAનો વિરોધ કરી રહ્યા છે. વિદેશી ધરતી પરના અત્યાચારને કારણે પલાયન કરવા મજબૂર થયેલા હિન્દુ અને શીખ ભાઈ-બહેનોને ભારત નાગરિકતા નહીં આપે તો બીજું કોઈ આપશે?



# દુનિયાામાં ભૂખમરા અંગે UNનો ડરામણો રિપોર્ટ

## દુનિયાભરમાં 28.2 કરોડ લોકો ભોજન માટે મારે છે વલખાં

■ ન્યૂયોર્ક

સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ના રિપોર્ટ અનુસાર, વર્ષ 2023માં 59 દેશોના લગભગ 28.2 કરોડ લોકો ભૂખથી પીડાવા માટે મજબૂર બન્યા હતા. સંયુક્ત રાષ્ટ્રે બુધવારે વૈશ્વિક અન્ન પરિસ્થિતિ અંગે 'ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસિસ'માં આ માહિતી આપી હતી. આ રિપોર્ટ અનુસાર યુદ્ધગ્રસ્ત ગાઝામાં મોટાભાગના લોકોએ ખોરાકની ગંભીર અછતનો સામનો કરવો પડ્યો હતો. 2022માં 2.4 કરોડથી વધુ લોકોને ખોરાકની ગંભીર અછતનો સામનો કરવો પડ્યો હતો. જે પાછળનું કારણ ગાઝા પટ્ટી અને સુદાનમાં ખાદ્ય સુરક્ષાની કથળતી સ્થિતિ હતી. યુએન ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશનના મુખ્ય અર્થશાસ્ત્રી મેક્સિમો ટોરેરો (Maximo Torero) એ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ ભૂખમરોનું એક પ્રમાણ નક્કી કર્યું છે.



## NEWS FILE

### EVM-VVPATને મેચ કરવાની જરૂર નથી:સુપ્રીમ કોર્ટનો ચુકાદો



નવી દિલ્લીઃ સુપ્રીમ કોર્ટે EVM-VVPAT ને મેચ કરવાની માગ કરતી અરજીઓ પર મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ મામલે સુપ્રીમકોર્ટે તમામ અરજીઓ ફગાવતાં કહ્યું કે આવું કરવાની કોઈ જરૂર જ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મતદાન બાદ 45 દિવસ સુધી ઈવીએમ સુરક્ષિત રખાશે. સુપ્રીમ કોર્ટે વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ (VVPAT)ની સાતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)માં પડેલા વોટોની 100 ટકા વેરિફિકેશનની માગણી કરતી પર અરજી પર મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તમામ અરજીઓ ફગાવી દીધી છે અને સૂચવ્યું હતું કે ચૂંટણી પંચે ભવિષ્યમાં VVPAT સ્લિપમાં બાર કોડ પર પણ વિચાર કરવો જોઈએ.

### કાશ્મીરમાં રામબન-ગુલ રોડ ધસી પડ્યો, 24 મકાનોમાં તિરાડ

રામબનઃ ગુરુવારે (25 એપ્રિલ) જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લામાં 5 કિલોમીટર લાંબા રામબન-ગુલ રોડ પર રોડનો મોટો ભાગ તૂટી પડ્યો હતો. જેના કારણે પેરનોટ વિસ્તારમાં 24 મકાનોમાં મોટી તિરાડો પડી ગઈ હતી. મકાનોની દિવાલો અને ફર્શમાં તિરાડો પડી ગઈ હતી.ઘટનાને કારણે આ વિસ્તારમાં વીજળીનો પુરવઠો ઠપ થઈ ગયો હતો અને 60 હજારથી વધુ રહેવાસીઓનો મુખ્ય શહેર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. ઘરોમાં તિરાડો દેખાયા પછી, 23 ઘરોના લોકોને બચાવી લેવામાં આવ્યા હતા અને દરેકને સલામત સ્થળે રાખવામાં આવ્યા છે.

### લોકસભાની ચૂંટણીમાં 1.35 લાખ કરોડ ખર્ચનો અંદાજ:નિષ્ણાંતો




નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણી-2024માં 1.35 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. સેન્ટર ફોર મીડિયા સ્ટડીઝ (CMS)ના વડા એન ભાસ્કર રાવે આ દાવો કર્યો છે. CMS છેલ્લા 35 વર્ષથી ચૂંટણી ખર્ચનો હિસાબ જાળવી રહ્યું છે. સમાચાર એજન્સી PTIને આપેલા ઈન્ટરવ્યૂમાં રાવે કહ્યું કે, આ વખતે ભારતમાં 96.6 કરોડ મતદારો છે. આ સંદર્ભમાં, મતદાર દીઠ ખર્ચ આશરે 1,400 રૂપિયા હોવાનો અંદાજ છે. 2019ની લોકસભા ચૂંટણીમાં 60 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. 2020ની યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં 1.2 લાખ કરોડ રૂપિયા ($14.4 બિલિયન) ખર્ચવામાં આવ્યા હતા.

# ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠે 160 પાયલટ વ્હેલ ફરી ફસાઈ ગઈ

## 29નું મોત, 130નું રેસ્ક્યૂ કરવામાં આવ્યું, ફરી કિનારે ન આવી જાય તે માટે પ્લેન અને બોટથી દેખરેખ

■ કેનબેરા

ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠે 29 પાયલટ વ્હેલ મૃત્યુ પામી. ઓસ્ટ્રેલિયાની પાર્ક્સ એન્ડ વાઈલ્ડલાઈફ સર્વિસે જણાવ્યું હતું કે પિયા કોર્ટિસ બીચ પર ગુરુવારે લગભગ 160 વ્હેલ આવી હતી. જેમાંથી 130ને બચાવી લેવામાં આવી હતી જ્યારે લગભગ 29નાં મોત થયાં હતાં. વ્હેલના ફરી કિનારે આવવાના ભયથી સ્પોટર પ્લેન અને અનેક હોડીઓ દ્વારા તેમને મોનિટર કરવામાં આવી રહી છે. મરીન વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે બીચ પર આવ્યા પછી પાયલટ વ્હેલ મોટાભાગે માત્ર 6 કલાક સુધી જીવિત રહી શકે છે. વર્ષ 2022માં ન્યુઝીલેન્ડમાં બે અલગ-અલગ ઘટનાઓમાં ફસાઈ જવાને કારણે લગભગ 500 પાયલટ વ્હેલ આવી જ રીતે મૃત્યુ પામી હતી. તેવી જ રીતે 2020માં ઓસ્ટ્રેલિયાના તાસ્માનિયામાં 450થી વધુ પાયલટ વ્હેલ મૃત્યુ પામી હતી.

**માદા પાયલટ વ્હેલ અને તેમનાં બાળકો કિનારા પર ફસાયેલાં હતાં**



ઓસ્ટ્રેલિયાની વાઈલ્ડલાઈફ સર્વિસ મૃત પાઈલટ વ્હેલના સેમ્પલ એકત્રિત કરશે અને તેની તપાસ કરશે. આ વ્હેલ શા માટે કિનારે આવી તે અંગે હજુ સુધી માહિતી મળી નથી. આમાં મોટે ભાગે માદા વ્હેલ અને તેમનાં બાળકોનો સમાવેશ થતો હતો.ન્યૂયોર્ક ટાઈમ્સે નિષ્ણાતોને ટાંકીને કહ્યું કે પાઈલટ વ્હેલ સામાજિક છે. તેઓ એકબીજાની ખૂબ કાળજી લે છે. સામાન્ય રીતે જ્યારે વ્હેલ બીમાર પડે છે અથવા કિનારે ફસાઈ જાય છે, છેલ્લાં કેટલાંક વર્ષોથી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના દરિયાકાંઠે પાયલટ વ્હેલના મૃત્યુની ઘટનાઓ સતત વધી રહી છે.